श्री स्वामिनारायण

Rs. 5/-

Oct.' 2008









૧. શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર, લોજની વાવમાં શ્રી નિલકંઠવર્ણી દર્શન.

૨. અમદાવાદ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના ફુલના શણગારના દર્શન.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટરમાં દર્શન આપતા શ્રી રાધાકૃષ્ણદેવ, હરિકૃષ્ણ મહારાજ.

૪. અમદાવાદના ટાઉનહોલમાં સુપ્રસિદ્ધ કથાકાર પૂ. પી.પી. સ્વામીના વક્તાપદે કથા શ્રવણ કરતા સંત-હરિભક્તો અને ટાઉનહોલમાં વ્યાસપીઠની આરતી ઉતારતા કથાના યજમાન શ્રી ઘનશ્યામસિંહ વાઘેલા પરિવાર.



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 18 અક્ટુમ્બર -2008


અ નુ ક્ર મ ણિ કા

૧	અસ્મદીયમ્	૨
૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩	આનંદની હેલી : એક રૂપિયાની કમાલ !	૪
૪	(નૂતન) નવા વર્ષે.....	૫
૫	વિજયા દશમી	૯
૬	પહેલો ઘૂંટડો મીઠો	૧૦
૭	કંઠી	૧૧
૮	માયા	૧૨
૯	પ્રસાદીના દાતણની વરખડી - કરજીસણ	૧૩
૧૦	શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર	૧૪
૧૧	સત્સંગ સુરભિ	૧૬
૧૨	સત્સંગ બાલવાટિકા	૧૮
૧૩	ભક્તિ સુધા	૨૦
૧૪	પ્રશ્નપેટી	૨૩
૧૫	સત્સંગ સમાચાર	૨૪

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

અર્પણીયમ



રૂમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદીના આદિ આચાર્ય પરમપૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાદુર્ભાવ થયે આ વર્ષે ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. સર્વાવતારી શ્રીહરિના મોટા ભાઈ રામપ્રતાપજી મહારાજ અને સુવાસીની ભાભીના તમામ સદ્‌ગુણોના વારસાની સાથે શ્રીહરિના દત્તક પુત્ર તરીકે સ્થાન મેળવનાર પ.પૂ. આદિ આચાર્ય મહારાજશ્રીની જન્મ દ્વિશતાબ્દિ "ધર્મકુળ વંદના" મહા મહોત્સવ સંવત ૨૦૬૫ જેઠ સુદી-૧૧ ના મંગળ દિવસે ધામધૂમથી ઉજવાશે. આ વર્ષ "ધર્મકુળ વંદના" વર્ષ તરીકે મનાવવામાં આવશે. સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્ય તત્વોનો વારસો ભાવિ પેઢીને આપવામાં સર્વ પ્રથમ સૌભાગ્ય મેળવનાર પ.પૂ. આદિ આચાર્ય મહારાજશ્રીમાં ભગવાન જેવા સદ્‌ગુણો સહજ સ્વભાવે હતાં. સદાય સમાધિ સ્થિતિમાં રહીને ભક્તોના મનોરથ પૂર્ણ કરતા. ભગવાનનો વારસો તો ભગવાન જેવામાં રહે તેથી ભગવદ્‌ગુણ સંપન્ન આચાર્ય મહારાજશ્રીના સદ્‌ગુણોનું શાસ્ત્ર થાય તેમ છે. શ્રીહરિના અંતર્ધાન બાદ સંપ્રદાયના મોટા મોટા સંતો હરિભક્તોને ભગવાનના પદે બિરાજીને ભગવાનના જેવું જ સુખ આપ્યું. ત્રણેય અવસ્થામાં મૂર્તિને ધારીને રહેતા અને નિરાવરણ દૃષ્ટિ તો સહજ જન્મથી જ હતી. તથા આત્મનિષ્ઠા તો પરાકાષ્ટાએ સિદ્ધ કરી હતી. ૪૨ વર્ષના દીર્ઘ સમય દરમ્યાન આચાર્ય પદે રહીને અનંત કાર્યો કર્યા. જેમકે, અમદાવાદ મંદિરની ભવ્ય હવેલી અને સભામંડપ બનાવ્યા. મંદિરમાં આવક મર્યાદા સિમિત હોવા છતાં પોતાની સિધ્ધિઓ દ્વારા કોઈ મોટા રાજા મહારાજા માટે પણ દુર્લભ એવી કાષ્ટ કલાકૃતિનો ભારત દેશમાં એકમાત્ર નમુનારૂપ, અદ્વિતીય અને સંપ્રદાયમાં ગૌરવ સમાન અને જેની કિંમત તો હજી ભવિષ્યમાં થશે એવી ભવ્ય હવેલીનું નિર્માણ કર્યું. તથા શ્રીહરિની આજ્ઞા મુજબ સંસ્કૃત મહાવિદ્યાલય (પાઠશાળા)ની સ્થાપના કરી. જેમાંથી સંપ્રદાયના અસંખ્ય વિદ્વાનો તૈયાર થયા. જે પાઠશાળા હાલમાં જેતલપુર અક્ષરમહોલવાડીમાં ચાલે છે. તથા ડુંગરપુર, ઈડર, સિધ્ધપુર, છપૈયા (જન્મભૂમિ), માંડવી વગેરે સ્થાને મહામંદિરો બનાવ્યા. તથા બામરોલી (મધ્યપ્રદેશ) ગામમાં સત્સંગ કરાવી ગામમાં દેહ મુકનાર સત્સંગીને અન્તકાળે તેડવા આવવાનું વચન આપ્યું. જે અદ્યાપિ પર્યન્ત દર્શન આપીને ધામમાં તેડી જાય છે.

આગામી નૂતન વર્ષમાં ભગવાનનો વારસો આપનાર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની જન્મદ્વિશતાબ્દી મહોત્સવ "ધર્મકુળ વંદના" મહોત્સવમાં તન, મન, ધનથી સેવા આપીને ગુરુઋણ અદા કરીએ.

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકો અને સર્વે નાના મોટા સત્સંગીઓને અમારા નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(સપ્ટેમ્બર - ૨૦૦૮)

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ભજન સંધ્યા પ્રસંગે પધરામણી.
૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પારાયણ પ્રસંગે પધરામણી.
૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પારાયણ પ્રસંગે પધરામણી.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દીપાવલિના શુભ કાર્યક્રમ

ધનતેરશ

(આસો વદ-૧૩) તા. ૨૬-૧૦-૨૦૦૮ રવિવાર, શ્રી લક્ષ્મીપૂજન, ધન્વતંરી જયંતી, ઠાકોરજીના અલંકારો ધોવા.

કાળી ચૌદશ

(આસો વદ-૧૪) તા. ૨૭-૧૦-૨૦૦૮ સોમવારના ચતુર્દશી, શ્રી હનુમાનજીનું પૂજન - આરતી : સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય - મહારાજશ્રીના શુભ કર કમળ થી સંપન્ન થશે.

દીપાવલિ

(આસોવદ-૩૦) તા. ૨૮-૧૦-૨૦૦૮ મંગળવાર : સમૂહ ચાપડા-શારદાપૂજન, લક્ષ્મીપૂજન સાંજે ૫-૩૦ કલાકે અમદાવાદ મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કરકમળથી વિદ્વાન વિપ્રો દ્વારા સંપન્ન થશે.

નૂતન વર્ષાભિનંદન/અન્નકૂટોત્સવ

કારતક સુદ-૧ તા. ૨૯-૧૦-૨૦૦૮ બુધવાર, સર્વોપરિ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી સવારે ૫-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઉતારશે. અને ત્યારબાદ પોતાની બેઠકમાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સહ પરિવાર દર્શન આપશે.

ગોવર્ધન પૂજન સવારે ૯-૦૦ કલાકે, અન્નકૂટોત્સવ આરતી બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થશે. અન્નકૂટ દર્શન ૧૨-૦૦ થી ૪-૩૦ કલાક સુધી.

આનંદની હેલી

એક રૂપિયાની કમાલ !

- શાસ્ત્રી હરિજીવનદાસ (હિંમતનગર મહંત)

જગદમ્બા લક્ષ્મીજી ક્યારેક પૃથ્વી ઉપર આંટો મારવા નીકળે છે. પૃથ્વી ઉપર શું ચાલી રહ્યું છે. કોણ શું ખાય છે, પીવે છે, ભક્તિ કરે છે, કર્મ કરે છે, બધું ધ્યાન રાખે છે.

એકવાર લક્ષ્મીજી પૃથ્વી ઉપર ઓચિંતા આવી ચડ્યાં. કોઈક જંગલમાં એક કઠિયારો ધનાધન ઝાડ કાપતો હતો. પરસેવે રેબઝેબ થઈ ગયેલો. પેટમાં ખાડો અને છાતીના પાસળાં દેખાય. મોઢાં પર લાચારીની રેખાઓ જોઈને દયા આવે એવો માણસ.

લક્ષ્મીજીને ખરેખર દયા આવી. તરત જ પોતાની પાસે મણી હતો તે કઠિયારાને આપી દીધો. લે, આ મણી રાખ તો આ કાળી મજૂરી ટળી જાય. કઠિયારાએ મણી ધોતીયાની આંટીમાં સંતાડ્યો. લાકડાનો ભારો બાંધીને પતિ-પત્ની બંને નદીમાં નાવા ઉતર્યા. બંને જણાં આનંદથી નદીમાં નાહ્યા અને થાક હળવો કરીને ઘેર જાય છે ત્યાં કપડાં બદલતાં પેલો મણી રેતીમાં ખોવાઈ ગયો. કઠિયારાને ખબર જ ન રહી. ઘેર ગયો ત્યારે તો એ ખાલી થઈ ગયેલો.

ફરીથી એજ પુનરાવર્તન ચાલુ થયું. ઝાડ કાપવાં અને ભારા વેચવા. લક્ષ્મીજી પુનઃ પધાર્યા. કઠિયારાની દશા પહેલાં જેવી જ હતી. લક્ષ્મીજીએ આ વખતે સોનાનો કિંમતી હાર કઠિયારાને આપી દીધો. હાર મળ્યો એટલે ખુશ થઈ ગયો. પણ નદીમાં નાવા ગયો. એવામાં ચમકતો હાર જોઈને કોક સમળી ઉઠાવી ગઈ. સમળીને મન આ ખાવાની વસ્તુ હશે. કઠિયારો હતો ત્યાંને ત્યાં રહ્યો.

આ બાજુ લક્ષ્મીજી તેને સુખી કરવા માગતા હતા. મણી કે હાર ફળ્યા નહીં એટલે દેવીએ આ વખતે અક્ષયપાત્ર આપ્યું. અક્ષયપાત્ર પાસેથી જે માગો તે જમવા મળે. અક્ષયપાત્રની ખૂબી જોઈને તે ખુશ થયો. એને તો સારું સારું ખાવાનું માગતા ક્યાંથી આવડે. એ તો દરરોજ રોટલાં ને મરચાં જ માગે. મીઠાઈ જોઈ હોય તો માગે ને ! રોટલો ને મરચાં મળે તોય ઘણું પણ એય ક્યાં ભાગ્યમાં હતું. અક્ષયપાત્ર ધોઈને આંગણામાં સૂકવવા મૂકેલું. કોઈ વેપારીની એક રૂપિયાની ઉધરાણી બાકી હતી. રૂપિયાના બદેલ વેપારી અક્ષયપાત્ર ઉઠાવી ગયો. પાછા દુઃખના દહાડા શરૂ થયા.

હવે તો લક્ષ્મીજી પણ કંટાળ્યા હતાં. ભગવાન નારાયણને ફરિયાદ કરી કે આ કઠિયારાને હું આપી આપીને થાકી પણ સુખી જ નથી થતો ! શું કરું ! તમે દયા કરોને. "ચાલો, હું સાથે આવું છું." આ વખતે લક્ષ્મી અને નારાયણ બંને પૃથ્વી ઉપર આવ્યા. ભગવાને છાનામાના કઠિયારાને એક રૂપિયો આપ્યો. રૂપિયો લઈને તે ઘેર આવ્યો. યાદ આવ્યું કે પેલા વેપારીનું એક રૂપિયાનું દેવું છે તો ચૂકવી દઉં. રૂપિયો મળતાં વેપારીએ અક્ષયપાત્ર પાછું આપ્યું. ફરીથી અક્ષયપાત્રમાંથી જમવાનું શરૂ થયું. મજૂરી બંધ થઈ.

એક દિવસ પત્નીને યાદ કરાવ્યું કે બહુ દહાડા થઈ ગયા. લાકડાં કાપવાનું ભૂલી જશો. ચાલો, જંગલમાં જઈએ. ઉપડ્યાં, ઝાડ કાપ્યાં. ઝાડ ઉપર ચડીને જોયું તો ઉપરની ડાળીએ એક મોટો માળો હતો. માળામાંથી બચ્ચા ઉડી ગયેલાં. પરંતુ પેલો હાર અંદર પડેલો. ઓહ ! આ તો લક્ષ્મીજીનો આપેલો હાર. બંને જણને આનંદ થયો. લાકડાં કાપીને હંમેશના નિયમ મુજબ બંને નદીમાં નાહ્યાં. આશ્ચર્ય! રેતીમાં ખોવાયેલો પેલો મણી પાછો મળી ગયો ! બંને જણ રાજીના રેડ થઈ ગયા. ઘેર આવ્યાં. સુખી સુખી થઈ ગયાં. આનંદથી જીવન વિતાવવા લાગ્યાં.

સજ્જનો ! તમને ખ્યાલ આવ્યો કે લક્ષ્મીજી શા માટે કઠિયારાને સુખી ન કરી શક્યા ? એનું રહસ્ય એમ છે કે માણસ માત્ર પૈસા કે સંપત્તિથી સુખી થતાં નથી. પણ સદ્‌બુધ્ધિને સદ્‌ગુણથી સુખી થાય છે. ભગવાને એક રૂપિયાની સાથે ગયેલી સમૃદ્ધિ પણ આવી અને સુખ-શાંતિ પણ આવી. સદ્‌બુદ્ધિને સદ્‌ગુણ વગર ભલભલા માલેતુજારો બિચારા દુઃખી હોય છે. હ્લેમ કે હીરામોતીનું શાક ને સોનાની રોટલી ખવાતી નથી. સમૃદ્ધિની સાથે પરિવારમાં પરસ્પર સદ્‌ભાવ, સ્નેહ અને સદ્‌ગુણો બહુ મોટો ભાગ ભજવે છે. બધું પૈસાના જોરે નથી થતું. કેટલુંક સ્વભાવ અને સદ્‌ભાવથી થાય છે. યાદ રાખજો, નવા વર્ષની નવી શિખામણ કે માત્ર લક્ષ્મીજીની કૃપા માટે દોડાદોડી ન કરશો થોડી ભગવાન નારાયણ પાસેથી સદ્‌બુદ્ધિ પણ માગજો. સદ્‌બુદ્ધિ હશે તો જ લક્ષ્મીજી સુખીયા કરશે. નહિ તો રડાવી જશે.

"આનંદની હેલી"ના વાચક મિત્રોને નૂતન વર્ષાભિનંદન સાથે ઘણા હેતથી જય સ્વામિનારાયણ.

(નૂતન) નવા વર્ષે.....

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

જીવ અનાદિ કાળથી દીપોત્સવીના ઉત્સવ ઉજવતો આવ્યો છે. પરંતુ વિક્રમ સંવત પ્રમાણે ગણીએ તો પણ આજ સુધીમાં ૨૦૬૫ દિવાળીઓ ઉજવી. અને ભારતીય શાસ્ત્રો પ્રમાણે જો જોઈએ તો જુદી જુદી ઘણી સંવતો ઘણા વર્ષોથી પ્રવર્તે છે એ રીતે ગણીએ તો હજારો દિવાળીઓ ઉજવી હશે એમ કહેવાય.

ભારત દેશની પાંચ જુદી જુદી સંસ્કૃતિની વિચારધારાઓને એક સાથે લઈને આવતા ઉત્સવોનો સમૂહ એટલે જ દીપોત્સવ. જેમાં ધનતરેસ, કાળીચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ આ પાંચ ઉત્સવો સમાયેલા છે. માનવી ઉત્સવો તો ઘણા મનાવે છે પરંતુ તે ઉત્સવો જો જાગૃતિ સભર ઉત્સવો ઉજવે તો સમગ્ર માનવ જાતને જીવનનું સુસ્પષ્ટ દર્શન આ ઉત્સવોમાંથી મળી રહે.

જગતમાં માણસ માત્રને દિવાળીનો ઉત્સવ મનાવી જીવનમાં દિવ્ય પ્રકાશ પથરાય તેવી ઈચ્છા સ્વભાવિક રહેલી હોય છે. એટલે જ રંક અને રાજા, જ્ઞાની અને અજ્ઞાની, ભક્ત-અભક્ત, નાના-મોટા, સ્ત્રી-પુરુષ માત્ર બધા જ દીપોત્સવીનો ઉત્સવ ધામધૂમથી ઉજવે છે.

દિવાળી માત્ર સારુ સારુ ખાવાપીવાનો અને આનંદ કિલ્લોલ કરવાનો જ ઉત્સવ નથી તથા જીવનમાં ફક્ત ભૌતિક આવક-જાવકના હિસાબ કરીને ધનસંપત્તિના નફા-નુકશાનનું સરવૈયુ જ મેળવવાનો દિવસ નથી પણ દીપોત્સવનો ઉત્સવ સપરમાં દહાડો ગણાય છે. નંદ સંતોએ કીર્તનમાં પણ ગાયું છે કે આજ દિવાળી રે ..... આજ દિવાળી રે ..... આજ દિવાળી રે .....

સપરમો દહાડો રે સપરમો દહાડો.... સપરમો દહાડો રે સખી હૈડે તે હરખ ન માંય.

તે દિવસોને અંતરના પ્રેમભાવથી સેવન કરે તે પવિત્ર થાય છે તે વ્યક્તિનું જીવન ઉજ્જવળ બને છે. દિવાળીનો ઉત્સવ કેવી રીતે ઉજવવો તે આપણા ઈષ્ટદેવ શ્રીજી મહારાજે સ્વયં પોતે ઉત્સવને ઉજવીને બતાવેલુ છે. પોતાના આશ્રિત ભક્તજનોના લાલન-પાલન માટે દરેક ઉત્સવો પોતે જ ઉજવી બતાવ્યા છે.

જીવનમાં જેને દિ-વાળીને પોતાના આગામી જીવનના દિવસો તે દિવ્ય-પવિત્ર અને પ્રકાશમાન બનાવવા હોય તો સત્સંગીઓએ પોતાની ઈન્દ્રિઓ અને અંતઃકરણને શુદ્ધ પવિત્ર બનાવી મનરૂપી પાંખો ઉપર બેસીને ૧૮૭૨ માં કરેલા દીપોત્સવીના ઉત્સવની લીલાને યાદ કરી અક્ષરધામ તુલ્ય દાદાના દરબારગઢમાં શ્રી વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ ઉજવેલ અદ્‌ભુત ઉત્સવમાં પહોંચી જવું જોઈએ.

નૂતન વર્ષ : જેને બલિપ્રતિપદાના દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. જે દિવસે પ્રભુએ વામન અવતાર રૂપે પ્રગટ થઈ વર્ણાશ્રમધર્મને ઉચ્છેદ કરનાર બલિનો પરાભવ કર્યો છે ત્યારથી આ બલિપ્રતિપ્રદાનો ઉત્સવ ઉજવાય છે. બલિના ગુણોનુ સ્મરણ કરી આપણને ખરાબ વ્યક્તિઓમાં પણ શુભ ગુણો રહેલા છે તે ગુણોને જોવાની દ્રષ્ટિ આ ઉત્સવમાંથી મળે છે.

સ્ત્રી અને ધનની પાછળ અંધ બનેલ માનવી જીવનમાં અસુરત્વને પામે છે એટલે જ દિવાળીના દિવસોમાં લક્ષ્મી તરફ પૂજ્યભાવ અને પવિત્ર દૃષ્ટિ કેળવી ભાઈબીજના દિવસે સ્ત્રી પૂજ્ય છે એવી દરેક સ્ત્રીમાં માતૃદ્રષ્ટિ એટલે કે આપણી સંસ્કૃતિ તથા સ્ત્રીજાતિ તરફ મા-બહેનની દ્રષ્ટિથી જોવાનું શિક્ષણ આપે છે. દીપોત્સવ એટલે અજ્ઞાન અને મોહ રૂપી અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાનો ઉત્સવ.

દિવાળી અને બેસતા વર્ષના દિવસો માનવ જીવનમાં પ્રકાશ, ઉત્સાહ, આશા અને આનંદ પ્રેરનારા

મંગળ દિવસો છે. જે દિવસો વ્યક્તિ-પરસ્પર પ્રેમ, ભાતૃભાવ, સંપ, સહકાર અને એકમેકને ઓળખી ઓતપ્રોત થવાના દિવસો છે. આપણા જીવનમાં મળેલ અમૂલ્ય માનવ તન અને મનને નિરામય બનાવવા માટેનો પુરુષાર્થ કરવાના આ દિવસો છે જે વર્ષમા એકજ વાર આવે છે.

નવા વર્ષે માણસો નવા વિચારો નવી વાણી અને નવો વેશ ધારણ કરે છે. બધા જ સ્નેહીજનોને યાદ કરી - કોઈની પણ સાથે વેરભાવ હોય તો ભૂલી જઈને તે *દિવસે હસતા મુખે સૌને મળી ભેટે છે.* નવલા દિવસે સૌનું મિષ્ટ થાય એ ભાવનાથી મીઠું મોઢું કરે છે. આખા વર્ષમાં પણ મંદિરમાં નહિ જનાર તે દિવસે મંદિરમાં જઈ પોતાના નૂતન સંકલ્પો પરિપૂર્ણ થાય તે માટે સાધુ સંતોને પગે લાગે છે. જૂના હિસાબો પૂર્ણ કરી નવા કામકાજના નિર્ણયો લે છે. આનંદ પ્રમોદમાં દિવસો પસાર કરે છે. નૂતન વર્ષે પરસ્પર અભિનંદન આપવાના રિવાજો પણ આપણને ઘણુ ઘણુ કહી જાય છે. નૂતનવર્ષમાં ભૂતકાળમાં થયેલી ભૂલો અને પ્રસંગોને ભૂલી જઈ નવા વર્ષમાં એમાં સુધારા કરી જીવનનો રાહ નક્કી કરવાનું શીખવે છે. ભૂતકાળના જીવન પ્રસંગોનો ઉપયોગ વર્તમાન અને હવે પછીના જીવનને સુધારવામાં કરવાનો છે. જેથી જીવનમાં શ્રેય અને પ્રેય બને સિધ્ધ થાય અને આજથી એવા કાર્યો કરવાના જેથી ભવિષ્યમાં આપણું ધ્યેય સિધ્ધ કરી શકીએ. ધ્યેય સિધ્ધ કરવા માટે મોટા પુરુષોનો આશરો લેવો જોઈશે. કારણ કે એ નક્કી જ છે કે આત્માની ઉન્નતિ માટે ભગવાનની કથા અને સત્પુરુષના આશીર્વાદ સાથેના પુરુષાર્થજ સબળ સાધનછે.

જીવનમાં ધ્યેય-શાંતિ અને સુખ સંપાદન કરવું હોય તો નૂતન વર્ષના દિવસોમાં માણસના જે વિચાર, વાણી અને પહેરવેશ તથા વર્તનમાં ફેરફાર-પરિવર્તન આવે છે તેને સમાજે કાયમી સ્વરૂપ આપવું પડશે. નૂતન વર્ષ માણસને એજ સંદેશ આપે છે કે જો પોતાના જીવનની દોરી ભગવાન અને ભગવાનના એકાંતિક સંત પુરુષોના હાથમાં સોંપીને એમના વિચારો પ્રમાણે જીવશો તો જીવનયાત્રા સફળ થશે.

આપણે સૌ જાણીએ છીએ કે મહાભારતના યુદ્ધમાં અર્જુને પોતાના જીવનની લગામ પરમાત્માના હાથમાં સોંપી તેથી મોટા મોટા યોધ્ધાની સામે તથા અઢાર અક્ષોહિણી સૈન્યની સામે એકલો જ વિજેતા બનીને સાથે સાથે ભગવાનની પાસે પોતાનું પદ પામ્યો. તો નવા વર્ષના નવલા પ્રભાતે આપણે પણ એજ નક્કી કરીએ કે આપણા જીવનની લગામ આપણે પણ સર્વોપરિ ભગવાન અને સત્પુરુષોના ચરણોમાં ધરી તેમની આજ્ઞા પ્રમાણે ચલાવીએ.

નવું વર્ષ એટલે જ જુના રીતરિવાજો અને ઘરેડોમાંથી બહાર નીકળી ભગવાન અને ભગવાનના એકાંતિક સત્તપુરુષોની આજ્ઞા માથે ચઢાવી જીવનમાં નવો રાહ અપનાવવો તથા નવા સંકલ્પ કરીને નવા નિર્ણયોનો અમલ કરવાનો દિવસ. દિવાળીના દિવસોમાં બહાર તો દિવા પ્રગટાવવાના પરંતુ સાથે સાથે દરેક માનવીના પોતાના દિલમાં પણ દિવો નહિ થાય તો માનવીના બહારના હજારો દીવડાઓ નિરર્થક બની રહે છે. માટે સમજણ પૂર્વકનો ઉત્સવ ઉજવવો એટલે જ દિલમાં દિવો કરવો તે નવું વર્ષ એટલે જૂના વેરઝેર અવગુણો અને જૂના સંકલ્પોને ભૂલી જઈ શુભ સંકલ્પ કરવાનો દિવસ.

ટૂંકમાં કારતક સુદ પડવાને દિવસે શરૂ થતું નવું વર્ષ એટલે આખા વર્ષની નવી પ્રભાતની શરૂઆત. વળી તે દિવસે લોકો ગોવર્ધન પૂજા પણ કરે છે. ગોવર્ધન પૂજાનો અર્થ એ થાય કે ભગવાનને સત્તાધીશોની પૂજા ગમતી નહિ તેવો આદેશ આપ્યો છે. અને ગોવાળીયાઓએ તે દિવસથી જૂનો રિવાજ છોડી ભગવાનની આજ્ઞા પ્રમાણે પૂજા શરૂ કરી એમ આપણે પણ શીખ લેવાની છે.

નવા વર્ષને સુંદર અને લાભદાયી બનાવવા માટે માણસો પોતાના મકાનને સાફસૂફ કરે છે. ઘરમાં રહેલ વસ્ત્ર-વાસણ વગેરે ધોઈ-ઘસીને સ્વચ્છ બનાવે છે. દીપોત્સવીના છેલ્લા ચાર પાંચ દિવસોમાં રોજ નિત્ય નવી પૂજા કરશે. સારા સારા વસ્ત્રો-પહેરે, સારુ સારુ,

ખાવાનું બનાવી ને જમશે પછી નવા દિવસોમાં સ્નેહી-સંબંધીજનોને મળીને નવા વર્ષના અભિનંદન પાઠવશે. ચાલુ વર્ષમાં થયેલા નફા-નુકશાનનો વિચાર કરશે. પોતાના હિત માટે યોગ્ય-અયોગ્ય શું શું કર્યું તેનો પણ મનોમન તપાસ કરી ફરીથી અયોગ્ય કાર્ય ન થાય તેવા સંકલ્પો કરશે.

નૂતન વર્ષના આરંભમાં ઘણા લાંબા સમયથી અભિનંદન પાઠવવાનો રિવાજ છે. આપણે પણ નવા વર્ષની શરૂઆતના મંગળ આરંભમાં જીવાત્માના શ્રેય માટે શુભ સંકલ્પો કરી, સત્સંગમાં ખૂબ આગળ વધી શ્રીજી મહારાજ તથા પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતોનો રાજીપો મેળવીએ. નવા વર્ષના અભિનંદન સાથે આશીર્વાદ મેળવવા પાત્ર થઈએ. તો આવો યુવા મિત્રો..... નૂતન વર્ષે

શ્રીજી મહારાજની સંકલ્પ સિધ્ધ મૂર્તિ શ્રી નરનારાયણદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજની સન્મુખ ઉભા રહી એકાગ્ર મનથી સંકલ્પ કરીએ કે,

● સર્વોપરિ સર્વાવતારી, ઈષ્ટદેવ શ્રીહરિ વિના જગતમાં બીજો કોઈ કર્તા નથી અને કર્મ ફળ પ્રદાતા પણ નથી એવી દ્રઢતા કરીએ.

● આવા સર્વોપરિ ભગવાનના સ્વરૂપમાં જ મારી ઈન્દ્રિઓ અને અંતઃકરણ અવિરત રમ્યા કરે અને ભગવાનના ધામમાં રહીને શ્રીહરિની ચરણ સેવા સિવાય બીજી કોઈ ઈચ્છા ન રહે.

● આપણી જીવન રૂપી નૌકા પરમાત્માના હાથમાં સોંપી ચિંતામુક્ત બની શ્રીજી મહારાજ અને મોટાપુરુષોના આપેલા નિયમોનું પાલન કરી માહાત્મય જ્ઞાને સહિત એકાંતિક ભક્તિ કરીએ.

● ભક્તિની સાથે સાથે એકાંતિક સત્પુરુષો કે જેમણે શ્રીજી મહારાજનો રાજીપો મેળવેલ છે. તેમનો અંતરથી સંગ કરવો અને કોઈનો પણ ક્યારેય દોષ ગ્રહણ ન થાય તેવું જીવન જીવીએ.

● ચાર પ્રકારનાં કુસંગી અને આઠ પ્રકારનાં અંતઃશત્રુઓથી દૂર રહીએ. જીવનમાં દેહ અને દેહ સંબંધી અહમ અને મમત્વને દૂર કરી મહારાજના રાજીપા માટે જ જીવન જીવીએ.

સ્થૂળ-સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીરથી પ્રભુની સેવામાં રહીએ. હું આત્મા છું દેહ નથી તેવું જ્ઞાન સદા રહે અને પરમાત્માની આવા જ્ઞાને સહિત "નિજાત્માનં બ્રહ્મરૂપમ્" થઈને ભક્તિ કરીએ અને દાસાનુદાસ થઈ સત્સંગમાં રહીએ. એવી બુદ્ધિ આપજો.

● સત્સંગમાં નિયમ, નિશ્ચય અને પક્ષની ભાવના કાયમ બની રહે. જીવનમાં ભગવાન અને તેના એકાંતિક ભક્તોથી કેટલું દૂર જવાય છે તેનું અનુસંધાન રહે અને શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યા પ્રમાણે જીવનમાં સત્સંગમાં હિસાબ રાખવાનું અનુસંધાન રહે એવું બળ રાખીશું.

● ભગવાન અને ભગવાનના સંત પાસે ક્રોધ, માન, ઈર્ષ્યા અને કપટ તજીને જવાની આજ્ઞા છે ત્યારે આપણે કેટલા પ્રમાણમાં ફરતા થયા છીએ તેની તપાસ કરીએ. સત્સંગ થયા પછી મહારાજે પધરાવેલી મૂર્તિઓની સ્થાપના વખતે શ્રીજી મહારાજે કહેલું કે આ મૂર્તિ અક્ષરધામની મૂર્તિ અને પ્રત્યક્ષ મૂર્તિમાં કોઈ ફેર નથી તો આપણને એ મનાયુ છે કે કેમ તે વિચારી હૃદયમાં સત્પુરુષો ભગવાનની મૂર્તિ અને સત્તશાસ્ત્રો વિશે કેવો ભાવ આપણને છે તેની નૂતન વર્ષમાં તપાસ કરી તેમા જો લૌકિક દૃષ્ટિ રહેતી હોય તો શ્રીજી મહારાજે કહેલા ઉપાયો પ્રમાણે જીવનમાં વર્તન કરીશું એવો નૂતન વર્ષે નિર્ણય કરીએ.

● ક્યારે પણ, કોઈનો પણ અવગુણ ન લેતા કોઈ, દેવી દેવતા, શાસ્ત્રો, સત્પુરૂષની નિંદા ન કરવી અને ન સાંભળવી એવો દૃઢ નિર્ણય કરીએ સાથે સાથે પ્રથમના છઠ્ઠા વચનામૃતમાં કહ્યા પ્રમાણે પોતાનો ગુણ ન જોતા અવગુણ જોતા રહીને દૂર કરવા પ્રયત્નશીલ બનીએ.

● મોટા પુરૂષો જે કહે તે શાસ્ત્રોના જે વચન છે તે હિતકારી માની ફરી ક્યારે પણ ગર્ભવાસમાં જવુ ન પડે તેવું જીવન જીવવાનો નિશ્ચય કરી ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલ ધર્મ-મર્યાદાનું પાલન જીવનમાં કરીને આત્મશ્રેયના આધાર માટે પ્રયત્નશીલ બનીએ.

તો નૂતન વર્ષના મંગળ પ્રભાતે માનવ જીવનનું

ધ્યેય સ્વસ્વરૂપને ઓળખવું અને તે સ્વરૂપને ઓળખી તેમાં બિરાજમાન પરમાત્માને ઓળખી સિધ્ધ કરવા માટે આત્મદૃષ્ટિ કેળવવી. કારણ માનવ જીવનનું મંગળ પરમાત્મામા પહોંચેલ દ્રષ્ટિ અને આત્મીય ભાવથી જ થાય છે.

જીવ અનાદિ કાળથી દિવાળી ઉજવતો આવ્યો છે પણ હજી સુધી જીવાત્માનો દિ' વળ્યો હોય તેમ જણાતું નથી. કારણ કે જીવનમાં જ્યારે ફરીથી જન્મ લેવો ન પડે એવો દિવસ પ્રાપ્ત થાય ત્યારે દિ' વળ્યો કહેવાય.

જ્યારે માણસને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય અને પછી અંતર્યામી રૂપે બિરાજેલ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થતા અજ્ઞાનરૂપ અંધારુ દૂર થઈ અલૌકિક પ્રકાશ અને આનંદનો અનુભવ થાય ત્યારે જ દી' વળે છે અને ત્યારેજ દિવાળીનો આવો આનંદ જીવાત્મા જાણી શકે. જીવનમાં અંદર અને બાહ્ય વ્યાપેલા અંધકાર દૂર થઈ દિવ્ય પ્રકાશ પ્રગટે ત્યારે જીવાત્માનો દિ' વળ્યો કહેવાય. કે જે દિવસ પછી જીવાત્માને ફરીથી જન્મમરણના ફેરામાં આવવુ જ ન પડે એવા દિવસો આવે તેને દિવાળી (દિ' વળ્યો) કહેવાય.

તો હે યુવાનો.....

નવા વર્ષના મંગળ પ્રભાતે સૌ ભક્તજનો અને ખાસ કરીને યુવા મિત્રો અર્જુન જેવી શરણાગતિ સ્વીકારીને ભગવાનની સ્વરૂપની નિષ્ઠા પાકી કરી બાકીના જીવનમાં સાચુ સુખ, સાચો લાભ, આનંદ, ધ્યેય સંપાદન કરી પરમાત્માની પાસે જેમ અર્જુને સ્થાન મેળવ્યું એજ રીતે ભગવાનના ચરણકમળમાં સ્થાન મેળવો એવી પ્રાર્થના સહ.....

નવા વર્ષે કરેલા શુભ સંકલ્પો માત્ર સંકલ્પો જ ન બની રહેતા જીવનમાં ક્રિયાત્મક બને અને જૂની ઘરેડથી બગડેલી બાજી સુધારી સત્સંગ અને સમાજમાં સદ્ વિચાર અને સદ્ક્રિયા સાથે આગળ વધીને જીવનને યોગ્ય દિશામાં ગતિ આપવાના આપણા પ્રયાસો જીવને ઉચ્ચ શિખરો સર કરાવશે.

ભોગ અને સ્વાર્થમય જીંદગી જીવનાર માનવને આગળ વધારી ભગવાનમાં સન્મુખ કરનાર-રાગદ્વેષને ભૂલાવી નવી પ્રેરણા આપી આશા ને ઉત્સાહ જીવનમાં વેગવાન બનાવી આપણને આજીવન સત્સંગમાં અને સમાજ માટે નિત્ય નવયુવાન બની રહેવાનો સંદેશો આપતું નવું વર્ષ નવા જીવન માટે પ્રેરણાત્મક બની રહે એજ સર્વોપરિ ભગવાન શ્રી નરનારાયણદેવ-શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણોમાં આપ સૌ વતી દંડવત પ્રણામ સહ પ્રાર્થના.

યુવા મિત્રો ! નવું વર્ષ એટલે આપણા જીવનમાં નક્કી કરેલા ધ્યેયમાં ક્યાંક અટક આવી હોય તો આ નવા વર્ષના ધ્યેયના માર્ગે ફરીથી કટિબધ્ધ થઈને આગળ વધવાનો દિવસ એટલે જ નૂતન વર્ષ..... બસ ટૂંકમાં કહીએ તો.....

મારું જીવન કેવળ સત્સંગ માટે અર્ચના રૂપ બની રહે એટલી જ પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રીહરિના ચરણોમાં નવા વર્ષની પ્રાર્થના.

અમદાવાદ મંદિરમાં પરંપરાગત સમૂહ શારદા પૂજન

શ્રીજી મહારાજના સર્વે સુજ્ઞ-વ્હાલા હરિભક્તોને સહર્ષ જણાવવાનું જે, સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પરમપૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વિદ્વાન પંડિતો દ્વારા અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં આસો વદ-૩૦ દીપોત્સવી અમાસ ને તા. ૨૮-૧૦-૨૦૦૮ને મંગળવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે સમૂહ શારદા પૂજન - ચોપડા પૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત રીતે ધામધૂમથી સંપન્ન થશે. શારદા પૂજનમાં લાભ લેવા ઈચ્છતા ધર્મપ્રેમી વહેપારીઓએ પોતાના ચોપડા નંગ-૨ નામ સરનામું ફોન નંબર ના સ્ટીકર સાથે લાલ કાપડમાં બાંધીને કોઠારમાં જમા કરાવી પાકી પહોંચ મેળવી લેવી.

ચોપડા સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૬-૧૦-૨૦૦૮ છે. ત્યાર બાદ ચોપડા સ્વીકારવામાં નહીં આવે તેની નોંધ લેવી.

(કોઠારી સ્વામી)



વિજયા દશમી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

શ્રાવણ માસમાં ભક્તિયોગની આરાધના થાય છે. વ્રત-ઉપવાસો કરી તપશ્ચર્યા દ્વારા પણ પ્રભુ પ્રસન્નતાના પ્રયત્નો કરાય છે. વિવિધ પ્રકારે હિંડોળાઓ રચી હરિવરને ઝુલે ઝુલાવે છે. અને જન્માષ્ટમી આદિ પર્વ પ્રસંગોએ પણ ઉત્સવો ઉજવાય છે. રૂામ આખા એ મહિનામાં ભક્તિ સભર હૃદયને ભાવ નીતરતું અનુભવ્યા પછી ભાદ્રમાસમાં પિતૃ તર્પણ થાય છે. પૂર્વજોની ભાવાંજલિ પૂર્વક સ્મૃતિ થાય છે. સોળ-સોળ દિવસના શ્રાધ્ધ અને હરિવરને જળ વિહાર કરાવી જળઝીલણી ઉત્સવ ઉજવાયા પછી અશ્વિન માસનો આરંભ થાય છે. આને નવા દિવસો તરીકે પણ માનવામાં આવે છે. નવર્ગુણા સોળે શૃંગાર સજીને નવરાત્રીમાં સખીઓ સાથે ખૂબ ગરબે ઝુમે છે. અને અંતે પર્વોની મહારાણી વિજય દશમીનું આગમન થાય છે. આ તહેવાર વિવિધ દ્રષ્ટિએ ખૂબજ મહિમાવંતો છે. નવ-નવ દિવસથી ઘેર ઘેર પધરાવીને ઉપવાસો કરી અહોરાત્રી ભક્તિ ભીના અર્ઘ્ય આપીને આરાધેલા વિવિધ દેવીઓનું આજે ભારે હૈયે જપ સમાધિ દ્વારા ગાજતે - વાજતે વરઘોડા કાઢી વિસર્જન કરવામાં આવે છે.

બીજી તરફ ચૌદ-ચૌદ વરસના વનવાસની પૂર્ણાહુતિ પહેલાના ઉત્તરાધ કાળે અતિ વિદ્વાન, સમગ્ર શાસ્ત્રવેત્તા મહા તપસ્વી શિવભક્ત, દેવી આરાધક, ત્રિલોક સત્તાધીન, દેવો ગાંધર્વો કિન્નરોના સ્વામી દશાનંદ એવા મહા સમર્થ લંકેશ જેવા વીરયોધ્ધા રાવણ દ્વારા સીતાજીના કરાયેલા અપહરણને અંજામ આપવા વાનરરાજ સુગ્રીવ તેની વાનર સેના ભક્તરાજ હનુમંત, જામ્બવંત અને અનુજભાઈ લક્ષ્મણ સાથે યુધ્ધે ચડેલા ભગવાન શ્રી રામચંદ્રજીએ આજે મહાપરાક્રમી એવા રાવણનો વધ કર્યો હતો. રૂામ તો રાવણ એટલે શક્તિનો મહાસાગર બુદ્ધિમાં તોતીંગ પહાડ, સામર્થ્યમાં ભીમસેનાનું સામટું ટોળુ. વિદ્વાનોમાં વિદ્વતામાં અજોડ. પવિત્રતામાં મધપૂડાનો મધ, ડહાપણનો દરિયોને ભક્તિમાં પૂર્ણિમાની ભરતી સમાન હોવા છતાં ઉકાળીને ઘટ્ટ બનાવેલા કઢીયેલા કેસરીયા દૂધના પાત્રમાં ઝેરના ટીપાની બદલે અહંકાર રૂપી આખે આખી ઝેરી ગરોળી માંહી પડીને ઉકળી ગઈ હતી. અહંકારમાં ઉદ્ધત થયેલા રાવણને પ્રભુની મર્યાદાનું ભાન ભૂલાણુ ને ઘણા બધા સદ્‌ગુણોથી સજાવેલા જીવતરને જીતનાર દિગ્વિજય જોતજોતામાં ધૂળ ચાટતો થઈ ગયો. ને નામશેષ રહી ગયો. ભગવાનના એ ભવ્ય વિજયના વધામણાને વિજ્યા દસમીના નામે ઉત્સવનું બિરુદ મળ્યું.

આ વાતને વરસો અને યુગો વીતી ગયા છતાં હજુ પણ ભારત વર્ષના ગામે ગામ અને શહેરે શહેર આ દિવસે રાવણના પૂતળાઓનું દહન કરી પ્રભુને વિજયાંજલી આપીને વિજયા દશમી એ જલેબી અને ફાફડા ગાંઠીયાની ઘેર-ઘેર મિજબાનીઓ થાય છે તથા જીવનમાંથી અહંકારના અસ્તિત્વને નસ્ત નાબુદ કરવા આજે ભક્તો પ્રતિજ્ઞા બધ્ધ થાય છે. જ્યારે ક્ષત્રિયો આ દિવસે મ્યાન થયેલા હથિયારોને તાજી ધાર કાઢી પૂજી લે છે. ભેટ કટારી બાંધી માંહી પડેલા શુરાતનના ખમીરને જોમવંતુ કરી લે છે.

ભગવાન સ્વામિનારાયણે પણ આ અવસરને ઘોડા ખેલવી ખૂબ ઉજવ્યો છે. ખીજડા તળે સભા કરી ખીજડા પૂજનને પણ પ્રોત્સાહન આપ્યું છે. પરંપરાગત અવસરને અમર બનાવવા સાતમી પેઢીએ ભવ્ય-અતિ દિવ્ય પોતાના વાહક સ્વરૂપ પ્રાતઃસ્મરણીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું આજ શુભ દિને પ્રાગટ્ય કરાવી પ્રકૃતિના કાર્ય ઉપર વિજયશ્રીના ભવ્ય પતાકાઓ લહેરાવી વિજયા દશમીનું હુલામણું નામ સાર્થક કર્યું છે.

તો આવો આવા ભવ્યાતિ ભવ્ય અને દિવ્યાતિ દિવ્ય ઉત્સવને આપણા જીવનમાં પણ વિજ્યાત્મક રીતે વિજયી વરદાન પામી ચિરઃસ્મરણીય કરીએ.



પહેલો ઘૂંટડો મીઠો

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી

વાસનાની એવી રીત છે કે પહેલો ઘૂંટડો મીઠો. એમાં પહેલો શબ્દ યાદ રાખવા જેવો છે. ઘૂંટડા કોઈ મીઠા હોતા નથી. માત્ર પહેલો ઘૂંટડો જ મીઠો હોયછે.

એક વખતનો અનુભવ કદાચ આકર્ષક હોય પરંતુ એ પુરો થતાં શરૂ થાય છે વિષાદનું વિરાટ વિષચક્ર. દરેક વખતે વાસનાનો પહેલો અનુભવ કામ ચલાઉ મનને બહેકાવે છે. પણ તેનું પરિણામ દુઃખ હતાશાને ઉદ્વેગ સિવાય કશું હોતું નથી. પોતાના અનુભવમાંથી માણસ બોધ પાઠ લેવા તૈયાર નથી. પહેલો અનુભવ કાયમી માની લેવો એ એક અજ્ઞાનતા અને મૂર્ખતા જ છે.

સ્વાર્થ કે વેપાર ધંધાની બાબતમાં માણસ કાયમી સાવધ રહેતો હોય છે. પણ દુઃખજનક વાત તો એ છે કે માણસ વાસનાની બાબતમાં લગભગ થાપ ખાઈ જાય છે. પહેલી વખત ખાવા મળેલી વાનગી ભાન ભૂલાવી દેતી હોય છે. ક્યાંકથી આવેલી અત્તરની સોડમ પહેલાં અનુભવે પાગલ બનાવી દે છે. સુંવાળા સ્પર્શના ગલગલિયાં સૂધબૂધ ભૂલાવી દે છે. આંખે ઉત્તેજીત કરનાર દ્રશ્યો પ્રથમ દર્શને તો આકર્ષક બનાવી દે છે.

વિષયો સુખદાયક, એવી માન્યતાઓએ જ મનુષ્યોને વિષયો તરફ દોડતો રાખ્યો છે. વચનામૃત અંત્યનું ત્રીજું બાહ્ય પંચવિષયોનો કદાચ ત્યાગ કર્યો હોય પણ અંતરમાં વિષયોનું ચિંતવન એજ જન્મમરણનો હેતુછે. વાસનાનો પહેલો ઘૂંટડો મીઠો છે. પણ એ કબૂલ ભાગ તેનો અંત તો ઝેરીલો જ છે.

શરૂઆત આકર્ષક છે. પણ સમાપ્તિ ભયંકર છે. તેનું શું? તેના સેવનથી સુખ મળે પણ તેનું પરિણામ ત્રાસદાયક છે.

લગ્ન ઉત્સવ ભલે એક કલાક પૂરતો આનંદદાયક લાગે પણ તેની પાછળ વ્યાધિની પલોજણ કેટલી ? 'ચાર દિન કી ચાંદની ફીર અંધેરી રાત' એવો વાસનાનો તાલ છે.

જેના ઉપર વિષયનાં વાદળા વરસ્યાં તેને વાસનાનાં વન પાંગેરી જવાના છે. ભગવાન સિવાય જે જે સંકલ્પો હૃદયમાં થાય છે, તે બધી વાસના જ છે. વૃધ્ધ અવસ્થા આવે ત્યારે વાસનાઓ જેમગરબાનાં કાણાવાળા મટકામાં છેડ્યું ફરે તેમ સંકલ્પ રૂપે ડોકિયા કાઢે છે. આવી વાસના જ જીવનો મોક્ષ થવા દેતી નથી.

કેટલાક ભક્તો એમ કહેતા હોય છે કે મહારાજ આપણને તો વાસના ટાળીને અક્ષરધામમાં લઈ જશે. આજ્ઞા પાળવી નથી. અને આશરાનું બળ લઈને તમામ ભોગ, સુખ, ભોગવી લેવાં છે. વાસના તો દિન-પ્રતિદિન વધારતા જવી છે. તે મહારાજના ધામમાં કેમ જશે ! કોઈ કોઈ તો મહારાજનાં બિરુદના બળે ધામની રાહ જોઈને બેઠા છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે,

ધામનહિ ધક્કા મળશે.
ત્યારે આંખ ઉઘડશે ગુલામની,
મારો મૂકીને આશરો
જે વિષય સુખને વાંછસે
તે સુખ નહિ પામે સ્વપને
પડ્યા દુઃખમાં પચશે.

ભોગમાં પડેલો માનવી, ઘાણીમાં પડેલા તલ અને ઘંટીમાં પડેલાં દાણા એ ત્રણેયની અંતિમ દશા એક જ હોય છે. ભલેને ૮૦ વર્ષના વૃદ્ધ હોય પણ જ્યારે વિષય ભોગની વાત સામે આવે છે ત્યારે ૧૬ વર્ષના યુવાન બની જતાં હોય છે. વાસનાનાં કરતૂતો કોઈ નાનાં સૂનાં નથી. એને આ દેહે જ ટાળવાનો પ્રયાસ જો ન કર્યો અને કેવળ સાંસારિક બોજા ખેંચ્યા તો કામધેનું દોહીને કુતીઓ પાવા જેવું થયું ગણાય. પ્રસાદીની પામરીના નાના છોકરાને સાફ કરવાનાં બાળોતિયાં બનાવવા જેવું થશે.

કંઠી

- સાધુ વંદનપ્રકાશદાસ ગુરુ સાધુ ભક્તવત્સલદાસ



સર્વ શક્તિમાન જગતસૃષ્ટા એવા ભગવાનને શરણે થયા એનું પ્રતીક એટલે કંઠી. કંઠી શરણાગતિનું શ્રેષ્ઠ પ્રતિક છે. "હું ભગવાનનો થયો છું." તે ભાવના કંઠી દઢ કરાવે છે. તે પહેરવા માટે ભાવિક સજ્જનતા જરૂરી છે.

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે જીવન જીવતા સંતો કે ગુરુ દ્વારા આપણે કંઠી બાંધી વર્તમાન ધારણ કરીએ છીએ. હાથમાં જળ આપી સંતો આપણા વતી 'શરણાગત મંત્ર' બોલે છે.

काल माया पाप कर्म यमदूत भयादहम् ।

श्रीकृष्णदेवंशरणं, प्रपनोऽस्मि सपातुमाम् ॥

આ મંત્ર બોલવાથી આ જન્મનાં અને પૂર્વજન્મના કર્મો બળીને ભસ્મ થઈ જાય છે. ને આપણને નવું જીવન જીવવાની પ્રેરણા મળે છે.

કંઠી ધારણ કર્યા પછી દારૂ, માંસ, ચોરી, વ્યભિચારનો ત્યાગ, વટલવું નહિ ને વટલાવવું નહિ એટલા નિયમો પાળવાનાં હોય છે.

કંઠીમાં આવતી બે સેરમાં એક સેર આત્માની અને બીજી સેર પરમાત્માની ગણાય છે. રૂામ બન્ને સેર ભેગી થઈને એક કંઠી બને એટલે આત્મા અને પરમાત્માના મિલનનું પ્રતીક પણ ગણાય. તુલસીની કંઠી શ્રેષ્ઠ મનાય છે. કારણ કે પવિત્ર આયુર્વેદિક ગુણોવાળી અને આધ્યાત્મિક વનસ્પતિ ગણવામાં આવે છે.

આપણા સંપ્રદાયમાં કંઠી પહેરવાનો રિવાજ ક્યાંથી શરૂ થયો તેનો સુંદર ઈતિહાસ છે.

એક વખત ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં મહારાજ સંતો ભક્તોની સભા ભરીને બેઠા છે. મહારાજ કથા વાર્તાથી બધાને તરબોળ કરી રહ્યા છે.

તેવામાં ગઢડા ગામના જ હરિભક્ત ખીમા સુતાર સભામાં આવ્યા. મહારાજને દંડવત પ્રણામ કર્યા. પોતે નાળિયેરની કાચલીમાંથી બનાવેલી બે સેરવાળી કંઠી મહારાજને અર્પણ કરી. કંઠી જોઈને મહારાજ ખૂબ જ રાજી થયા. પોતે ઓઢેલી ચાદર ખીમા સુતારને આપી.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક સંતો તથા હરિભક્તો પણ કંઠી જોઈને રાજી થયા. પછી મહારાજ કહે આવી જ કંઠી પરંતુ તુલસી કે સુખડની કંઠી પહેરવાનો રિવાજ આજથી આપણા સંપ્રદાયમાં શરૂ કરવો. બધા સંતો હરિભક્તોએ મહારાજની આજ્ઞાને વધાવી લીધી. પરંતુ આસપાસના ગામડાઓમાં કે શહેરોમાં ક્યાંય સુખડ તો મળે નહિ. ખીમા સુતાર કહે મહારાજ આજુબાજુનાં ગામડા કે શહેરોમાં ક્યાંય સુખડ મળશે નહિ તો શુ કરવું ?

મહારાજ કહે સુરતમાં તમારે જોઈએ એટલું સુખડ મળશે. તમે સુરત જાવ અને સુખડ લઈ આવો. મહારાજની આજ્ઞાથી ખીમા સુતાર સુરત જઈને સુખડ ખરીદી લાવ્યા ને તેમાંથી બે સેર વાળી કંઠી બનાવી

મૂળી મંદિરમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીના મહંત પદે સ.ગુ શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી કેશવજીવનદાસજીને નિયુક્ત કર્યા છે.



માયા

- લે. જ્યંતિલાલ કે. સોની
(મેમનગર-અમદાવાદ)

શ્રીજી મહારાજ માયાનાં સ્વરૂપની ખૂબજ ટૂંકી સરળ અને સ્પષ્ટ વ્યાખ્યા કરતા કહે છે કે, "ભજનમાં જે આડું આવે તેને માયા કહે છે." ભગવત સ્વરૂપ ઓળખાયા વિના માયાના બંધનમાંથી છૂટવા કોઈ સમર્થ થાતુ નથી. સત્સંગમાં સદા ગરજુ થઈને કે દાસના દાસ થઈને રહેતા શીખવું - સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતમાં જણાવેલ છે કે "સત્સંગમાં સદા ગરીબી પકડીને રહેવું તો જ પ્રભુકૃપાથી ભગવત સ્વરૂપ ઓળખાય. માયાના બે પ્રકાર છે. એક જડ માયા, જે ધન-સંપત્તિ કે અન્ય પદાર્થો વગેરે, જ્યારે ચેતન માયા સ્ત્રી આદિકને કહી છે. એટલા જ માટે શ્રીજી મહારાજે સંતોને સ્ત્રી-ધનના ત્યાગીનો ભેખ ધારણ કરાવી પોતાની અનરાધાર કૃપા વર્ષાવી કે જેને લીધે સંતો પણ પોતાના જોગમાં આવેલા જીવોનું કલ્યાણ કરે છે.

જેને આ લોકનાં વૈભવી સુખની પ્રાપ્તિમાં જ સર્વ સુખ મનાઈ ગયું છે. તે તો રાત-દિવસ માયા મેળવવામાં જ રચ્યા પચ્યા રહી ભગવાનને વિસારી દે છે. એટલા માટે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે અમોને મોટી મેડી વાડી કે ઘોડીવાળા એટલે કે આજના સમયમાં મોટી ગાડી બંગલાવાળા વિગેરે સાથે બહુ બને નહિ. કરોડો જન્મો થઈ ગયા પછી કલ્યાણનો મુદ્દો હાથમાં આવેલ છે. એવું સમજ્યા પછી પણ નાશવંત અને કાળનાં એક ઝાપટે ખતમ થઈ જાય તેવા લૌકિક પદાર્થની પાછળ દોટ મુકી ભગવાનને વિસારી દે છે. ગઢડા મધ્યનાં ૫૭ ના વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે "જેને પરમેશ્વરને વિષે પ્રીતિ હોય તેને તો પરમેશ્વર વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય." "ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી બીજા પદાર્થમાં હેત હોય તે તો કેવળ મીનડિયો ભક્ત છે." "જે પદાર્થ ભગવાનના ભજનમાં આડો આવતો હોય તેનો તો ન તજી શકે ને બીજા ઉપરથી તો ઘણો ત્યાગ કરે પણ તેનો તે ત્યાગ વૃથા છે."

"ભગવાનની મોટપ સામું જોઈએ તો એવો કોઈ પદાર્થ છે નહિ જે તેની કોટિના ભાગના પા સંગમાં આવે." માટે ભગવાનનો યથાર્થ મહિમા સમજવા દેવ-મંદિરમાં દર્શન વખતે કે કથા-વાર્તા સાંભળતા હોઈએ ત્યારે એકાગ્રતા કેળવાય તે અત્યંત જરૂરી છે. ઘણા ભક્તો મંદિરમાં આવી દેવની સમીપે મોટા અવાજે ગ્રામવાર્તા કે એકબીજાની ખબર-અંતર પૂછવા સંબંધી વાતો કરતા હોય છે, કેટલાક મોબાઈલ ફોનમાં દેવની સમીપે વાતો કરતા હોય છે. જાણે કે દેવને સંભળાવતા ના હોય ? મંદિરમાં આવી વૃત્તિ સ્થિર કરવાને બદલે આપણે આપણી એકાગ્રતાને તોડીએ છીએ. સાથોસાથ અન્ય ભક્તોની એકાગ્રતા તોડવાનું પાપ કરીએ છીએ. હવે વિચારવાનું કે મહારાજના ઉપરોક્ત વચનામૃતમાં કરેલ ઉપદેશ સાથે આપણે કેટલા સંમત થયા છીએ ? જો પ્રભુમાં પ્રગટપણાનો ભાવ કેળવાય તો આવી વ્યર્થ ગ્રામવાર્તા (કુથલી) કરવાની કુટેવમાંથી ઉગરી જવાય ખરું. માયાના બંધનમાંથી છૂટવા અને પ્રભુને ઓળખવા માટે તો આપણે દરરોજ મંદિરમાં આવીએ છીએ. પ્રભુમાં જે માલ છે તેવો માલ અન્યત્ર નથી. પ્રભુ ભજન સિવાય સર્વત્ર માયાની જ વાતો છે. ધન-સંપત્તિ મેળવવાનાં સતત ચિંતવનથી પ્રભુ ભક્તિમાં કાપ મુકી કલ્યાણનો માર્ગ ગુમાવી દેવાય છે. સઘળી મેળવેલી સંપત્તિ અહિજ રહેવાની છે. જેટલી પ્રભુ સેવામાં ઉપયોગી થઈ તેટલી જ આપણી ગણાશે.

શ્રીજી મહારાજે ગઢડા મધ્ય-૪૯ ના વચનામૃતમાં જણાવ્યું છે કે "અજ્ઞાની છે ને અતિ મુરખ છે તે તો ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે, કેમ જે માયિક આકારનાં જે જોનારા ને ચિંતવન કરનારા છે તે તો અનંત કોટિ કલ્પ સુધી નરક ચોરાસીમાં ભમે છે. ને જે ભગવાનનાં સ્વરૂપનાં દર્શન-ચિંતવન કરનારા છે તે તો કાળ-કર્મને માયાના સર્વ બંધન થકી છૂટીને અભયપદને પામે છે."

ગઢડા મધ્ય-૫૦ ના વચનામૃતમાં પણ કહ્યું છે કે જેનાં હૃદયમાં જગતનાં સુખની વાસના હોય તે સંગાથે તો એ હેત કરીએ તો પણ થાય નહિ. માટે જે નિર્વાસનીક ભગવાનના ભક્ત હોય તે જ અમોને વ્હાલા છે. એ અમારા અંતરનું રહસ્ય છે તે કહ્યું, વારંવાર આવન-જાવન કરવું તેનાં કરતા આ વખતે તો એવું પ્રભુનું ભજન કરી લેવું કે જેથી ફરી જન્મ-મરણનાં ચક્કરમાં જવું ન પડે.

વ્હાલા ભક્તો ! આજથી નવા વર્ષની શુભકામના સાથે સંકલ્પ કરીએ કે, "હે પ્રભુ અમોને દરેક ક્રિયામાં તારી મૂર્તિ યાદ આવે એવું દ્રઢ મનોબળ પ્રાપ્ત થવાની શક્તિ આપજે, મહારાજની મૂર્તિ ભૂલીને કોઈપણ ક્રિયા કરવી નથી. ગદ્‌ગદ્ કંઠે અને રોમાંચિત ગાત્રે કરેલી પ્રાર્થના પ્રભુ જરૂર સ્વીકારે છે. એવી અભ્યર્થના સાથે દરેક વ્હાલા વાચકોને નવા વર્ષના જયશ્રી સ્વામિનારાયણ.

પ્રસાદીના દાતણની વરખડી - કરજીસણ

- પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પટેલ (ન્યુજર્સી - કરજીસણવાળા)

શ્રીજી મહારાજ દંઢાવ્ય પ્રદેશમાં વિચરણ કરતા ત્યારે કરજીસણમાં ગોવિંદજીભાઈ પટેલને ત્યાં અવશ્ય પધારતા. ગોવિંદજીભાઈ શ્રીજી મહારાજની રૂચિ પ્રમાણે વર્તતા હતા.

એકવાર કરજીસણમાં વાઘરોડા તળાવે શ્રીજી મહારાજ સંતો હરિભક્તો સહિત નાનાભાઈ ભટ્ટની ઓરડીએ પધાર્યા હતા. તળાવમાં ઘણી જળક્રીડા કરી સૌને દિવ્ય દર્શન આપતા. કાઠી હરિભક્તો જોડે પટાદાવ ખેલાવી રાજી થતા. આજુબાજુના ગામના હરિભક્તો પણ ત્યાં દર્શને આવતા.

ચોમાસાના દિવસો હતા. તળાવ ચારે કાંઠે પાણીથી છલકાતું હતું. એકવાર નાનાભાઈએ સવારમાં ભગવાનને દાતણ કરવા આજુબાજુથી વરખડીના વૃક્ષનું તાજુ દાતણ લાવી આપ્યું. ભગવાન કુસુમની કળી જેવા દાંત દાતણથી ઘસવા લાગ્યા. આ દ્રશ્ય જોઈ નાના ભગતને થયું, "ઓહોહો, સર્વોપરિ ભગવાન આજ મારે ઘેર પધાર્યા છે. આ હરિભક્તો દર્શન કરી પાવન થયા પરંતુ આ વરખડી કેટલી ભાગ્યશાળી કે તેના વૃક્ષનું દાતણ ભગવાનની સેવામાં કામ આવ્યું ?" આ દાતણ જો વાવીએ અને તેમાંથી જો વરખડી થાય તો "દાતણ લીલા" યાદ રહી જાય.

ભક્તના સર્વે સંકલ્પ ભગવાન જાણે જ છે અને તેમના ભાવ પૂર્ણ કરે છે. ભગવાન દાતણ કરી રહ્યા પછી નાનાભાઈએ ભાવથી એ દાતણની ચીરીઓને ગંગાજળીયા કૂવાને કાંઠે વાવી દીધી. પાણી તથા ખાતરનું ભાવથી સિંચન કરતાં, દાતણની ચીરીઓમાંથી ધીરે ધીરે નાનો વરખડીનો છોડ થયો અને સમય જતાં મોટું વરખડીનું વૃક્ષ તૈયાર થયું.

રાજકોટમાં ગોપાળાનંદ સ્વામીના વચનથી જેમ બોરડીના કાંટા ખરી ગયા ને બારે મહિના મીઠાં બોર આવે છે તેમ આ વરખડીના વૃક્ષનો સ્વભાવ પણ બદલાઈ ગયો. આજુબાજુની બધી વરખડીનાં પાન કડવાં લાગે છે. થૂંકી દેવું પડે છે. પરંતુ આ વરખડીનાં પાન ખૂબજ મીઠા લાગે છે. આ એક ભગવાનના સંબંધનો સાક્ષાત્ ચમત્કાર છે.

આજે પણ તે પ્રસાદીનું વરખડીનું વૃક્ષ ૨૦૦ વર્ષ બાદ વાઘરોડા તળાવે દાતણ લીલાની યાદ આપતું મોજુદ છે. વાવાઝોડાથી થોડું વળી ગયુ છે. પરંતુ તેના થડમાં નવી માટી નાખી સાચવણી કરી દીધી છે.

ધન્ય છે એ પ્રસાદીની વરખડીને જે આજે પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દાતણ લીલાની યાદ તાજી કરી આપે છે. ધન્ય છે એ વરખડીના જીવંત જીવાત્માને કે જેણે નજરે શ્રીજી મહારાજને પ્રત્યક્ષ દીઠા છે. ધન્ય છે એ કરજીસણ ગામની ભૂમિને જ્યાં ૩૬ વાર ભગવાને પધારી ભૂમિને પાવન કરી છે.

વિદેશના બાય એરમેઈલ લવાજમમાં વધારો

આપણા "શ્રી સ્વામિનારાયણ માસિક"ના વિદેશમાં ઘણાજ સભ્યો છે. જેઓને ખાસ જણાવવાનું કે હાલ ઈન્ડીયામાં પોસ્ટ ખાતાએ વિદેશના બાય એર મેઈલ અને સી મેઈલના પોસ્ટ દરમાં ત્રણ ઘણા વધારા કર્યો છે. જેથી આપણા શ્રી સ્વામિનારાયણ અંકનું વિદેશનું બાય એર લાઈફ મેમ્બર લવાજમરૂા. ૫,૦૦૦/- હતું જે ઓકટોમ્બર ૨૦૦૮ થી વિદેશનું બાય એર મેઈલ લવાજમરૂા. ૧૦,૦૦૦/- કરવામાં આવ્યું છે. જેથી વિદેશ વસતા હરિભક્તોએ હવે રૂા. ૧૦,૦૦૦/- મુજબ બાય એરમેઈલ લવાજમમોકલવું.



શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો

અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સ્વામિનારાયણ ભગવાન કહે છે - હે મહાભાગ! શ્રી નરનારાયણદેવના પ્રાદુર્ભાવની વાત હું તમને કહું છું. આ કથા ધર્મદેવે બ્રહ્માના પુત્ર સનકઋષિને કહી હતી સનકમુનિ એકવાર ફરતા ફરતા શ્વેતદ્વિપમાં ગયા. શ્વેતદ્વિપ આ પૃથ્વીથી બત્રીસ યોજન ઊંચે છે. વાસુદેવ ભગવાનના દર્શન કર્યા બાદ તે મુનિ ધર્મદેવના આશ્રમે ગયા. વિષ્ણુપુર નામે નગરના બધા સ્થાનો જોતા જોતા સનકમુનિ મણિઓથી સુશોભિત એવા ધર્મદેવના મંદિર તરફ આવ્યા. મંદિરમાં અનંત મુક્તોની દિવ્ય સભામાં ધર્મદેવ બેઠા હતા. સનકમુનિ ધર્મદેવને નમસ્કાર કરી તે સભામાં બેઠા. ધર્મદેવે પૂછવાથી સનકમુનિએ પોતાનો પરિચય આપ્યો. પછી સનકમુનિએ કહ્યું હે ધર્મદેવ ! મારે આપના જન્મનો તથા આપના પુત્રોના જન્મનો ઈતિહાસ જાણવો છે. હે મહાભાગ ! મને એ કથા સંભળાવો.

ધર્મદેવ સમાધિસ્થ થઈ ગયા. બે ઘડી સુધી સમાધિમાં રહીને બહાર આવ્યા. તેથી સનક મુનિએ પૂછ્યું, હે ધર્માત્મા! તમે જે સ્થળે રહો છો તે જ સ્થળમાં બ્રહ્મા, શંકર, વાસુદેવ વગેરે રહે છે. આપે ક્યા દેવનું ધ્યાન-ચિંતવન કર્યું ? ધર્મદેવ કહે છે હે સનક મુનિ ! મેં મારા હૃદયમાં વાસુદેવ ભગવાનનું ધ્યાન કર્યું. તે વાસુદેવ ભગવાન સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ, પરબ્રહ્મ, શ્રીકૃષ્ણ એવે એવે નામે કરીને પ્રસિદ્ધ છે. હાલ પણ નરનારાયણ સ્વરૂપે એજ ભગવાન બદરિકાશ્રમમાં વિરાજે છે. એજ રમાપતિ ભગવાન મારા થકી ચાર સ્વરૂપે પ્રગટ થયેલા છે. ધર્મદેવ થકી ભગવાન ચાર સ્વરૂપે કેવી રીતે પ્રગટ થયા તે જાણવાની ઉત્કંઠા જોઈને આગળ ધર્મદેવ કહે છે - હે સનક મુનિ ! જ્યાં ભગવાનની કથા થાય છે. ત્યાં બધા તીર્થો નિવાસ કરીને રહે છે. હે બ્રહ્મન ! સૃષ્ટિનો પ્રલય થયો તે પછી અનાદિ શ્રીકૃષ્ણ પુરુષોત્તમભગવાન પોતાના અક્ષરબ્રહ્મરૂપ તેજોમય ધામને વિષે વિરાજમાન હતા. તે ભગવાને પછી સૃષ્ટિના નવા સર્જનનો વિચાર કરી અક્ષરમાં પ્રવેશ કર્યો. અક્ષરરૂપે થઈ પુરુષમાં, પુરુષરૂપે થઈને મૂળ માયા સામી દ્રષ્ટિ કરી. એટલે મહામાયામાંથી અનંત કોટિ પ્રધાનપુરૂષો, તેમાંથી મહતત્વ તેમાંથી ત્રણ પ્રકારનો અહંકાર, તેમાંથી વૈરાટપુરુષો, વૈરાટપુરુષમાંથી બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ઉત્પન્ન થયા. એ ત્રણ દેવોથી મરિચ્યાદિક પ્રજાપતિઓ થયા. ત્યારબાદ અનંત બ્રહ્માંડોના નિયંતા એવા મૂળપુરુષથી અમારો જન્મ થયો. પછી અમને ભગવાને કહ્યું કે હે ધર્મદેવ ! અહિંસા નામની પત્ની સાથે તમે બ્રહ્માંડમાં જઈને લોકનું પોષણ કરો. ભગવાનથી દૂર જવાનું થયું એટલે અમે ઉદાસ થઈ ગયા. અમારુ ઉદાસીપણું જોઈ દયાળુ ભગવાને કહ્યું હે ધર્મ ! તમે ચિંતા કરશો નહિ. અમે તમારા થકી નરનારાયણરૂપે પ્રગટ થઈશું. અક્ષરાધિપતિ ભગવાનનું આવું વરદાન મેળવી અમે આ પૃથ્વીલોકમાં આવ્યા. આત્મા તથા પરમાત્માનું પ્રત્યક્ષ જ્ઞાન તપ કર્યા સિવાય કેવી રીતે મળે ? તેવો વિચાર કરી અમે સાબરમતી નદીના કિનારે આવી, ત્યાં પર્ણકુટિર બાંધી દુષ્કર તપ શરૂ કર્યું. સુકાં પાંદડા અને વાયુ ભક્ષણ કરીને દેવોના બાર વર્ષ સુધી અમે તપ કર્યું. ત્યારે ભગવાને પ્રસન્ન થઈને દર્શન આપ્યા. અમને કહ્યું હે ધર્મદેવ ! શ્વેતદ્વિપમાં જ્યાં તમારો આશ્રમ છે ત્યાં તમે સુખેથી જાઓ. થોડા જ સમયમાં અમે તમારે ત્યાં ચાર સ્વરૂપે પ્રગટ થઈશું. આ રીતે સુંદર સુખકારક વાત કરીને શ્રી પુરુષોત્તમનારાયણ અદ્રશ્ય થઈ ગયા. ત્યારથી અમે અહીં શ્વેતદ્વિપમાં આવીને રહ્યાં છીએ.

હે સનકમુનિ ! એક વખત અહીં મહાન આશ્ચર્ય થયું. અમે વિશાળ એવો તેજનો સમૂહ જોયો એ તેજના સમૂહમાંથી પ્રથમ વાસુદેવ મૂર્તિ કૃષ્ણ પ્રગટ થયા. ત્યારબાદ હરિ અને તે પછી નારાયણ અને નર એમ ચાર સ્વરૂપો પ્રગટ થયા. ઘણા વિમુખો એવું કહે છે કે શ્રીહરિએ નારાયણની સાથે ભક્ત સ્વરૂપ નરને પધરાવ્યા. તો અમે પણ ભગવાનની સાથે ભક્ત સ્વરૂપે



કોઈ સાધુને પધરાવીએ એમાં શું ખોટું છે ? તેવા વિમુખો અહીં નોંધ કરે કે નર એ કોઈ ભક્ત રૂપે મનુષ્ય નથી, પરંતુ સ્વયં ભગવાન જ ચાર સ્વરૂપ પૈકી એક નર સ્વરૂપે પ્રગટ થયા છે. આ અદ્‌ભુત પ્રસંગ બન્યો જાણીને પ્રધાનપુરૂષાદિક બ્રહ્માંડના ઈશ્વરો તથા બ્રહ્માદિક દેવો આવ્યા અને આનંદ વ્યક્ત કરતાં દંદુભી વાજા વગાડવા લાગ્યા. અને પુષ્પોથી વધાવવા લાગ્યા. તે પછી ભગવત્સ્વરૂપની સ્તુતિ કરતા હતા. ત્યારબાદ સર્વ દેવોએ મળીને મનોહર દિવ્ય મંડપ રચવાનો સંકલ્પ કર્યો. એ દેવોના સંકલ્પની સાથે જ નારાયણ ભગવાનની ઈચ્છાથી દિવ્ય મંડપ તૈયાર થઈ ગયો. આ મંડપમાં જે આશ્ચર્ય રહેલા હતા, તેથી જે શોભા હતી તેનું સઘળું વૃત્તાંત અત્રે મેગેજીનમાં લખવું અશક્ય છે. બ્રહસ્પતિ ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, વરુણ, શંકર, બ્રહ્મા આ બધા દેવો પરસ્પર કહેવા લાગ્યા કે આવું મહાન આશ્ચર્ય હજુ સુધી આપણે ક્યારેય જોયું નથી. સર્વ શક્તિમાન ભગવાન શ્રી પુરુષોત્તમનારાયણે પોતાની અદ્‌ભુત શક્તિનો પ્રતાપ આપણને જણાવ્યો છે.

ત્યાર પછી તે દિવ્ય મંડપમાં રત્નજડિત મનોહર સુવર્ણના સિંહાસન ઉપર આદિનારાયણ વિરાજમાન થયા. મંડપમાં ઉપસ્થિત સર્વ દેવાદિક અધિકારીઓએ તેમને પ્રણામ કર્યા. ઝયાર પછી દેવો, મનુષ્યો, નાગો, ગાંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો એ સર્વે પોતપોતાની પત્નીએ સહિત તેમજ તપસ્વિઓ, બ્રહ્મચારીઓ, યોગીઓ, તે પછી પર્વતો, નદીઓ, કલ્પવૃક્ષો, સુરભિ આદિક ગાયો, તથા સાત સાગરો માનવ સ્વરૂપે આવીને, ગાયકો, નૃત્યકારો, વેદજ્ઞો, પૌરાણિકો, સ્તોત્રકારો, દક્ષપ્રજાપતિ, કુબેરભંડારી, શેષનારાયણ, બાર સૂર્યો, કલ્પતરુઓ વગેરે અનેક દેવો તથા વિષ્ણુદેવ, મહાદેવજી, બ્રહ્માજી, ધર્મદેવ, ભૂદેવો, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, વરૂણદેવ, ઈન્દ્ર, સપ્તર્ષિઓ, નારદજી તથા અન્ય અનેક ઋષિમુનિઓ આવીને પોતપોતાના સ્થાન અનુસાર નારાયણ ભગવાનને ભેટ પૂજન વગેરે કરી રાજી કરતા હતા. ધર્મદેવ કહે છે ત્યાર પછી વિરામ લઈને અમે બધા નારાયણ ભગવાનની સમીપે બેઠા હતા. એવામાં લક્ષ્મીજી, સરસ્વતી, દુર્ગા, સાવિત્રી, પાર્વતી, ઈન્દ્રાણી વગેરે અનેક દેવીઓ નારાયણ ભગવાનની પૂજા કરવા માટે ત્યાં આવી હતી. ત્યારે શ્રી નારાયણે પ્રમુખે દેવોને કહ્યું, અમારે તથા આ નરને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય વ્રત છે. માટે દેવી માતાઓ અમારું પૂજન ન કરે. અમારા ભાઈ હરિ અને કૃષ્ણની પૂજા ભલે સુખપૂર્વક કરે. આ અમારો સંદેશ તમે દેવીઓને કહો. પછી તે દેવીઓએ નરનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ તેમના ભાઈ હરિ અને કૃષ્ણ ભગવાનનું પૂજન કર્યું. નરનારાયણ ભગવાનને રત્નો, સોના રૂપાની મહોરો, અલંકારો, વસ્ત્રો વગેરે જે ભેટ મળી હતી તે તેમણે બ્રાહ્મણોને આપી દીધી.

ધર્મ દેવે કહ્યું, હે સનક ઋષિ ! આ બધી વિધિ પૂર્ણ થયા બાદ ચારેય ભાઈઓમાંથી નારાયણે મને કહ્યું, હે પિતાજી ! પૃથ્વી ઉપર આપે જ્યાં તપ કર્યું હતું તે નદીએ અમે સ્નાન કરવા માટે જઈએ છીએ. ત્યાં સુધીમાં તમે અમારે વાસ્તે ભોજન બનાવી રાખજો. ચારેય ભાઈઓ સાબરમતી આવ્યા અને નદીમાં સ્નાન કરવા લાગ્યા. જેની કથા નારાયણઘાટ મંદિરમાં લઈશું.

(ક્રમશઃ)

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના
દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.



સત્સંગ સુરભિ

"આ જમ્યા તે સંભારી રાખજો !"

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

ગામપંચાળાના આહીરો 'માથા ભારે' ગણાતા. પરંતુ બાકર સાહેબ (કર્નલ વોકર)ની મદદથી શ્રીહરિએ માતેલા સાંઢ જેવા એ આહીરોને ડારીને શિયાળ જેવા કરી દીધા. ઝીણાભાઈનું અનાજ જે દોઢ-બે વરસથી દબાવી રાખેલું તે બધું એમના કોઠારમાં ભરાવી દીધું. કરડા આહીરોએ ઝીણાભાઈની માફી માંગી. અને શ્રીહરિના ઐશ્વર્યમય તેજો પ્રતાપથી સૌ આહીર અને ભરવાડો મહારાજના આશ્રિત બની ગયા ! આષાઢી સંવત ૧૮૬૮ (સને ૧૮૧૨) નો કારતક માસ એ હતો.

બરાબર અગિયાર વરસ પછી એટલે કે સંવત ૧૮૭૯ માં મહારાજે પંચાળામાં ફૂલદોલ ઉત્સવ કર્યો અને સંતો સાથે મહા રાસ રમ્યા. બીજે દિવસે સમગ્ર ગામને જમાડવાનું મહારાજે નક્કી કર્યું તે પહેલાં ત્યાંના આહીરોને મહારાજે બોલાવ્યા.

પડછંદ દેહધારી આ માટી પગા માનવીઓ મહાપ્રભુ પાસે આવ્યા, પાઘડીઓ ઉતારી અને હાથ જોડી દીન-વદને ઊભડક બેઠા. અગિયાર અગિયાર વરસોથી સત્સંગનાં રંગે રંગાયેલા આ ધરતીપુત્રોના મુખ ઉપર અનેરી ખૂમારી ચમકતી હતી. આંખોમાં શ્રીહરિ પ્રત્યેની અનન્ય નિષ્ઠાનો નિત્ય નવિન ભાવ ઝળહળી રહ્યો હતો.

"આવતી કાલે અમારે તમને જમાડવા છે, બોલો કેવા પકવાન કરીએ ? સાટા, જલેબી, મગસ, મોહનથાળ, બુંદી, લાડુ કે મૈસુર ?" મહારાજે પૂછ્યું.

આ સાંભળી બધા એકબીજાના મોઢા સામું જોવા લાગ્યા ને અંદરો અંદર ગુસપુસ કરવા લાગ્યા.

"આવા કોરા સુખડામાં કાંઈ અમારું પેટ ભરાય નહિ, શેલણ જમાડો તો આવીએ" ભોળા ભાવે બધાએ અંતરની વાત મહારાજ સમક્ષ રજુ કરી !

"આ શેલણ વળી શું છે ?"

"પ્રભુ ! આ દેશમાં ચોખા, ગોળ અને તેમાં ખૂબ ઘી નાંખીને જે ભોજન થાય તેને આ લોકો 'શેલણ' કહે છે. શેલણ એમની પ્રિય-વાનગી છે." ઝીણાભાઈએ મહારાજને સમજ આપી.

"તો ભલે શેલણ જમાડીશું" મહારાજે તમામને શેલણની દાવત આપી.

સૌ હરખાતાં હરખાતાં ઘેર ગયા. "આવતી કાલે તો મહારાજ સ્વયં આપણને શેલણ જમાડવાના છે." જાણે સત્સંગ સ્વીકાર્યો એની પ્રસાદી પામવાનાં હોય એટલો બધો આનંદ છવાઈ રહ્યો !

મહારાજે આદેશ આપ્યો : "રંગેડામાં ચોખા રંધાવો. ગોળનાં માટલાં મંગાવો ને ઘીની મોટી કડાઈ ચૂલે ચઢાવો."

મહારાજનો આદેશ મળતાં જ સૌ તૈયારીમાં લાગી ગયા. બીજે દિવસે તો લીલુડી નાઘેરનાં નરમ નરમ સુંવાળા ગોળના ગાડે ગાડા આવી ગયા. ગરમા ગરમગળેલો ભાત પણ તૈયાર થઈ ગયો. ચૂલા ઉપર એક મોટી કડાઈમાં તવેથા વડે શ્રીહરિ જાતે ઘીને ગરમ કરી રહ્યા હતા ! એ સોડમતા ઘીની સુગંધની તો વાત જ શી કરવી !

આહીરોની મોટી પંગત પડી. ચાર ચાર આંગળ ઊંચી ધારવાળી કાંસાની થાળીઓ મુકાઈ ગઈ. ખોબલા ભરી ભરીને રાંધેલ ભાતને ગોળ પીરસાવા લાગ્યા. પાછળ મહારાજ કછોટો વાળી ખભે ઉપરણી મૂકી ઘીની તાંબડી લઈ પંગતમાં ઘૂમવા લાગ્યા. થાળીઓ ઘીથી છલકાવા લાગી. પાંચને પીરસે ત્યાં તો એ નવશેરી તાંબડી ખાલી થઈ ત્યાં તો ! બે પાર્ષદો દોડીને એ તાંબડી ભરી દેતા.

છેલછબીલા સુંદર શ્યામે શેલણ એવું જમાડ્યું કે

થાળીમાં કોઈ હાથ નાખી ન શકે ! સીધી થાળી જ મોઢે માંડે ! ઝડપથી પીરસતાં પીરસતાં મહારાજના મુખારવિંદ ઉપર પ્રસ્વેદબિંદુઓ ચમકી રહ્યાં. આહીરો શ્રીહરિની આ અલૌકિક મૂર્તિ નિહાળતા જાય અને થાળી ખાલી કરતા જાય ! આહીરો જમતા ન થાકે અને મહારાજ પીરસતા ન થાકે !

"બસ પ્રભુ બસ ! હવે રહેવા દ્યો. પ્રભુ ! આવું શેલણ કોઈએ આજ સુધી પાયું જ નથી, આજ તો તમે અમને હરાવી નાંખ્યા !"

"આ જમ્યા તે સંભારી રાખજો" મંદ મંદ હસતાં હસતાં મહારાજે મર્માળી વાત કરી. સરળ લાગતા શ્રીહરિના આ સંવાદમાં ભારોભાર સામર્થ્ય છૂપાયું હતું. અનંત બ્રહ્માંડોના આ અધિપતિ ધારે તે કરી શકે. બસ, આ ભોજન-ચરિત્ર જ સંભારી રાખવાની વાત હતી !

વિનોદી સુરાખાચરે વળી સૂર પૂરાવ્યો.

"જમ્યા એ તો સાંભરશે જ પણ જમાડનારને પણ ભૂલશો નહી. એ તાંબડી લઈને કમર કસીને મહારાજે તમારી થાળીયું છલકાવી દીધેલી. એ લટકાં ને એ આંખ્યુંનાં મટકા - છેલછબીલાની આ અનોખી મૂર્તિ પણ ભૂલશો નહિ."

"સારું સારું બાપજી ! આ તે શેં ભૂલાય ? રૂમ કહી મહારાજને પ્રણામ કરી સૌ છૂટા પડ્યા. મહારાજ કહે ચાલો, શેલણ તો આપણે પણ ચાખીએ." "ચાખવાનું નથી પીવાનું છે, ને અમને પણ પાવાનું છે." સુરાખાચરે મનની વાત કરી. મધમધતા ઘીની સોડમથી સુરા ખાચરને ક્યારનીય ભૂખ ઉઘડેલી !

"તો ચાલો બેસી જાવ પંગતમાં" મહારાજે સૌને પહેલાં પીરસ્યું. સંતો, દરબારો, હરિભક્તો સૌને તૃપ્ત કર્યા ને પછી શેલણનાં ભોજન કર્યા.

ઝીણાભાઈના એ ખેડુ આહીરો એ શેલણ અને ઘી પીરસતી શ્રીહરિની "રમ્ય-મૂર્તિ" અંતરમાં ઉતારી લીધી હતી.

કહે છે કે અંતકાળે મહારાજ શેલણ સાથે એ જ ઘીની તાંબડી લઈ સૌને લેવા પધાર્યા હતા.

પ્રસંગનું નિમિત્ત ઊભી કરી પ્રેમીજનોને ભોજન કરાવવાં અને એ પ્રસંગને મોક્ષનો હેતુ કરી દેવો આવી અદ્‌ભુત મોક્ષની રીતિ તો સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય જોઈ નથી !

નવા વર્ષના દૃટા અને કેલેન્ડરનું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામીના માર્ગદર્શનથી નવા વર્ષના ઠાકોરજી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, શ્રી નિલકંઠવર્ણી આદિ સ્વરૂપોની તસવીર વાળા વિવિધ કેલેન્ડર તિથિ તહેવાર-ઉત્સવોની માહિતી સાથે પ્રકાશિત કરવામાં આવ્યા છે. અને નવા વર્ષના સુંદર કલાત્મક તિથિ-તહેવારો ઉત્સવો-પાટોત્સવોની માહિતી સભર દૃટાનું પ્રકાશન કરવામાં આવ્યું છે. દરેક હરિભક્તોએ દૃટા અને કેલેન્ડર આપણા મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી વહેલાસર મેળવી લેવા.

કેલેન્ડરમાં સૌજન્ય-જાહેરાત અંગે

નવા વર્ષના ઠાકોરજી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની તસવીરવાળા-તિથિ તહેવારો અને પાટોત્સવોની માહિતી સાથેના સુંદર કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેમાં વહેપારીભાઈઓને પોતાના ધંધા ઉદ્યોગની જાહેરાત સૌજન્યની વિગત છપાવીને કેલેન્ડર ખરીદવા હોય તેમણે દિવાળી પહેલા પંદર દિવસ અગાઉ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કોઠારમાં કોઠારી સ્વામીનો સંપર્ક કરી ડીપોઝીટ રૂપે રકમ ભરી પાવતી લઈને પોતાના ધંધા-ઉદ્યોગની વિગત લખાવીને ઓર્ડર બુક કરાવી લેવા નમ્ર સૂચન છે.

-કોઠારી સ્વામી

સત્સંગ ભાગવતિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

જીવનભરની સદા દિવાળી

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બધા જ તહેવારોમાં દિવાળીનો તહેવાર કાંઈક અલગ પ્રકારનો લાગે છે. દિવાળીનો ઉત્સવ નજીક આવતાં પહેલાંથી જ ઘરોઘરમાં તેની તૈયારીઓ થવા લાગે છે. ઘરની દિવાલો ઉપર પડેલા ઉઝરડાને દૂર કરવા રંગ-રોગાન થાય છે. અભરાઈ ઉપર શો માટે મૂકી રાખેલાં અને આખા વર્ષ દરમ્યાન ઝાંખા પડી ગયેલાં તાંબા-પીત્તળના વાસણોને માંજીને ચકચકિત કરવામાં આવે છે. નવા કપડાં ખરીદીને શરીરને અપટુડેટ કરવાનું ભૂલાતું નથી. પરંતુ ભૂલાઈ જાય છે મનનું માર્જન કરવાનું.

આખું વર્ષ જગત સંસારની બહુવિધ પ્રવૃત્તિઓ અને વિટંબણાઓમાં વપરાઈને ઝાંખા થયેલા મનનું માર્જન કરવામાં ન આવે તો મનની ધરતી ઉપર ઉગેલા સદ્‌વિચારનાં વૃક્ષો ફળ આપ્યા પહેલાં જ કરમાઈ જાય છે અને એનાં મીઠાં ફળો આત્મા ચાખી શકતો નથી ને તેનું અધઃપતન થાય છે અને એક વાતતો ખરી જ છે કે જેનું મન સુધર્યું તેનો મોક્ષ સુધર્યો. મનને માર્જન કરવાની રીત સમજવા આ દૃષ્ટાંત પ્રેરણારૂપ બની રહેશે.

એક પવિત્ર ગુરૂના આશ્રમમાં રહીને કોઈ શિષ્ય ભગવાનનું ધ્યાન કરતા શીખ્યો. તેમાં તેને એવી સુંદર સિધ્ધિ સાંપડી કે હૃદયમાં પ્રભુનું દિવ્ય સ્વરૂપ તે પ્રત્યક્ષની જેમજ દેખવા લાગ્યો. વખત જતા આ શિષ્યને સંકલ્પ થયો કે મને જે આ દિવ્ય દર્શન થાય છે તેનો લાભ સર્વને આપું વળી તેની સાથે સાથે પોતાની ખ્યાતિ પણ થાય. તેથી નર્મદાના કિનારે એક વિશાળ મંદિર બંધાવ્યું ને પોતે જેવા સ્વરૂપને દેખતો હતો તેવું જ સ્વરૂપ (મૂર્તિ) બનાવરાવી તે મંદિરમાં પધરાવ્યું. બસ, થયું, હૃદયમાં દેખાતું દિવ્ય સ્વરૂપ અદૃશ્ય થઈ ગયું ! તેમણે ગુરૂ પાસે જઈને વાત કરી કે ગુરુદેવ ! મનજ આવું શાથી થયું ? મેં કોઈનું ખરાબ કર્યું નથી. થોડીવાર વિચાર કરીને ગુરુએ કહ્યું, કે જો તારા હૃદયમાં કોઈ એક પ્રકારનો અગ્નિ પેઠો છે, તે હજુ કીર્તિના લેબાસમાં જ છે. એટલે વધારે નુકશાન કરી શક્યો નથી. પણ જો તું હવે નહીં ચેતે તો તે ભડકો થશે ને તારી સાધનાની સિધ્ધિ હતી ન હતી કરી દેશે. હવે તારે તારા મનનું માર્જન કરવું પડશે. તારા બંધાયેલા મંદિરમાં દરરોજ બે વખત વાળજે ને મંદિરની ધૂળમાં આળોટજે ને જેટલાં માણસો દર્શનાર્થે આવે એ બધાને વંદન કરતો રહેજે. આ પ્રમાણે એક વર્ષ વીતે પછી મારી પાસે આવજે. હું તને ફરીથી માર્ગ બતાવીશ.

ગુરૂના કહેવા પ્રમાણે એક વર્ષ સુધી નિયમો રાખ્યાં. ત્યારબાદ પહેલાની જેમજ એ ધ્યાનની સિધ્ધિને પામીને સુખી થયો. આ રીતે મનનું માર્જન કરવાથી મન યથાવત બને છે. મુક્તાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે,

"વેગે વહેતાં વારીમાં, પ્રતિબિંબ ન ભાસે રે,
એમ ડગમગે દિલ જ્યાં લગી, ન બ્રહ્મ પ્રકાશે રે."

જ્યાં સુધી મન સ્થિર ન હોય મનમાં અનેક પ્રકારનાં દોષ ભર્યા હોય ત્યાં સુધી પરમાત્મા તેના મનમાં વસી શકતા નથી. સ્વામિનારાયણ ભગવાનનાં અનન્ય ભક્ત શિવલાલભાઈ ભગવાનમાં મન સ્થિર કરી પૂજા કરવા બેસે તેમની પૂજામાં ગોપાળાનંદ સ્વામી સામે આવીને બેસતાં, એક દિવસ સ્વામી અડધેથી ઉભા થઈ ગયા. શિવલાલભાઈએ પૂછ્યું સ્વામી, આપ આજ પૂજામાંથી કેમ ઉભા થઈ ગયા ? ત્યારે સ્વામીએ ઉત્તર આપ્યો કે, હું પૂજા દરમ્યાન તને જોવા નથી આવતો પણ તારી ભક્તિને વશ થઈ ભગવાન તારી પૂજા સ્વીકારવા પ્રત્યક્ષ પધારે છે. એમનાં દર્શન કરવા હું આવું છું. આજે અડધી પૂજાએ તારું મન ભગવાનને મૂકીને બીજે ગયું એટલે પરમાત્મા તારી પૂજામાંથી ચાલ્યા ગયા માટે હું પણ ઉભો થઈ ગયો. મનની ચંચળતા, મનની મલીનતા, મનના વિક્ષેપો દૂર કરવા આ નવા વર્ષની શરૂઆતમાં સ્વામિનારાયણ ભગવાન અને સંત સમાગમનું બળ

હૃદયમાં ધારીને કૃતનિશ્ચયી બનીએ તો આપણા માટે દિવાળી એટલે સાચા અર્થમાં દિવાળી, જીવનભરની દિવાળી બની રહેશે.

ભક્તજનો ! દિવાળીમાં મનરૂપી મંદિરને સાફસૂફ કરી, માર્જન કરી, ચોખ્ખું કરી રાખીશું તો જરૂરથી પરમાત્માનો એમાં નિવાસ થશે અને જ્યાં પરમાત્માં બિરાજતાં હોય ત્યાં સુખ, શાંતિ, આનંદ, લક્ષ્મી, વિજય આપોઆપ આવીને રહે છે.

●

પહેલેથી ચેતી જવું

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક ફેરિયાવાળો હતો. ફેરિયાવાળો કાપડનો ધંધો કરતો હતો. કાપડ વેચવા માટે એકવાર એક નગર તરફ ગયો. નગરના દરવાજે મોટી મોટી મૂછોવાળો. ઉંચો લાંબો પડછંદ કાયા વાળો જમાદાર બંદૂક લઈને ઉભો હતો. આ ફેરિયાવાળો જ્યાં દરવાજાની અંદર પ્રવેશ કરવા ગયો. ત્યાં હાકોટો માર્યો. એ ભાઈ ઉભા રહો. ક્યાં અંદર જાવ છો ? કોને પૂછીને, ફેરિયાવાળો કહે મારે વેપાર કરવા નગરમાં જાવું છે. રૂમ જવા ન મળે. પહેલાં આ માલ સામાનનું દાણ ચૂકવવું પડે. પછી અંદર જવા મળે. શું વાત કરો છો ? દાણ પહેલા દેવાનું ! અરે ભાઈ ! અંદર જઈ વેપાર તો કરવા દો. થોડો ઘણો વેપાર થાય તો એમાંથી હું તમને દાણ આપું ને ? "ના ભાઈના" તમને એમને એમ જવા ન મળે. પહેલા દાણ પછી પ્રવેશ. આ ફેરિયાવાળો પાછો વળ્યો. અરે મારે તો નથી દેવું. પછી તો નગરની દિવાલે દિવાલે ફરવા લાગ્યો. ક્યાંક રસ્તો અંદર જવાનો મળી જાય. પણ ક્યાંય બીજો રસ્તો હતો જ નહિ. દિવસ પૂરો થઈ ગયો. રાત્રી પડી દિવાલ કૂદવાનો વિચાર કર્યો. પણ તેમાંય નિષ્ફળતા મળી. આખી રાત્રી શિયાળાની કડકડતી ઠંડીમાં પસાર કરવી પડી. પાછું કૂતરા હેરાન કરી ગયા તે જુદુ. ને વળી મચ્છરનો તો પાર નહિ, બહારનો વિસ્તાર પણ ગંદો હતો. દુર્ગંધ સહન કરવી પડી. હેરાન હેરાન થઈ ગયો. પાછો નગરની બહાર હતો જેથી ચોરની બીકે આખી રાત્રી જાગરણ કરવું પડ્યું. ખૂબ પસ્તાયો. અરેરે ! થોડા રૂપિયા આપી અંદર નગરમાં હોત તો થોડો વેપાર પણ થાત. કાંઈક ખાવાનું પણ મળત. ચોરની બીક પણ ન લાગત ને રહેવા ભાડે મકાન પણ મળી રહેત. બહાર તો આ બધા દુઃખ આવી વળગ્યાં છે.

બીજા દિવસની સવારની રાહ જોવા લાગ્યો. દરવાજે જ બેસી રહ્યો. સવારના વહેલા જેવા દરવાજા ખૂલ્યા તો તેજ જમાદાર બંદૂક સાથે ઉભો હતો. તેને ફેરિયાવાળાએ કહ્યું, "લે ભાઈ લે." આ માલ સામાનનું દાણ. હવે અંદર જવા દે. ત્યારે જમાદારે હસતા હસતા મૂછે વળ દીધો. એમ ત્યારે, હેરાન થઈને પાછા દાણ ચૂકવીને જ અંદર જાવ છોને. એના કરતા પહેલેથી જ ચૂકવી દીધું હોત તો.

મિત્રો ! આ ઉપરથી સમજવાનું કે જીવાત્માને મોક્ષરૂપી નગરમાં ત્યારે જ જવા મલશે જ્યારે તે પરમાત્માના બાંધેલા નિયમોને અનુસરશે. તે સિવાય હજારો જન્મ સુધી ભટકશે તો પણ ઠેકાણું નહિ પડે. મોક્ષ નહિ મળે. એટલે જ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે,

"ધામનહિ મળે ધક્કા મળશે,
ત્યારે ઉઘડશે આંખ ગુલામની"

માટે ડાહ્યા લોકોએ આ જન્મમાં જ નિયમ, નિશ્ચય ઉપાસના દ્વારા પ્રભુને પામવાની મહેનત કરી લેવી જોઈએ. અને જે પ્રભુને પામવા માટે ભજન, ભક્તિ, સત્સંગ, નિયમનું પાલન કરે છે તેના માટે તો,

"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર નરનારી, જેને જોઈએ તે..."

નવા વરસથી આપણે દૃઢ સંકલ્પ કરીએ, અને પ્રયત્ન કરીએ કે આપણા માટે મોક્ષરૂપી દ્વાર આપો આપ ખુલી જાય. એ ખોલવાની ચાવી સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં બતાવીછે કે "જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે."



ભક્તિ સુધા

અહીં પણ બ્રહ્માનંદ સ્વામીનું જ ચાલે છે

- પાર્ષદ સવિતાબેન ગુરુ સાં.યો. બચીબા (હવેલી - જેતલપુર)

બ્રહ્માનંદ સ્વામી પાસે બે સાધુ ભણવા માટે આવ્યા ત્યારે મુળી મંદિરનું બાંધકામ ચાલું હતું. એટલે થોડી વાર સ્વામી ભણાવે અને પછી જ્યાં કડિયા કામ કરતા હોય ત્યાં દેખરેખ રાખવા માટે જાય અને પોતે પણ સેવા કરે. પથ્થરા ઉપાડે, ગાર કરી દે, પાણી ભરી આપે અને વિદ્યાર્થી સાધુને પણ સાથે સેવા કરાવે, ત્યારે વિદ્યાર્થી સાધુને થયું સ્વામી અમને પાઠ આપીને પછી સેવા કરવા લઈ જાય છે. તો અમે ક્યારે પાઠ પાકો કરીએ? માટે આંહી રહેવું નથી, બીજા સંત પાસે અભ્યાસ કરશું?

સ્વામીની રજા વગર બે સાધુ ગઢપુર ગયા, ત્યારે બીજા સાધુએ પૂછ્યું. તમે મુળીમાં બ્રહ્માનંદ સ્વામી પાસે ભણવા ગયા હતા અને પાછા કેમ આવતા રહ્યાં ? વિદ્યાર્થી સાધુએ કહ્યું, ભણવાની મજા નથી આવતી. આખો દિવસ બ્રહ્માનંદ સ્વામી મંદિરની સેવા કરાવે છે. ને પોતે પણ સેવા કરે છે. રાતના પાઠ શીખવાનો તેથી ગમ્યું નહિ. તેથી ગઢપુર આવતા રહ્યા છીએ. હવે અહિ અભ્યાસ કરશું.

રાત્રે સૂતા ત્યારે સમાધિ થઈ. બન્ને વિદ્યાર્થી સાધુ અક્ષરધામમાં ગયા. ત્યાં પણ બ્રહ્માનંદ સ્વામી હાથમાં પાવડો લઈને મંદિરની સેવા કરે છે. સેવા કરતા જોઈને વિચાર થયો કે અહિ પણ સ્વામી સેવા જ કરે છે. પછી શ્રીજી મહારાજના દર્શન કરવા ગયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, હે મહારાજ આ સાધુને અહિ અક્ષરધામમાં રહેવા દેશો નહિ. એમને મંદિરની સેવા કરવી નથી ને વિદ્યા ભણવી છે ? સેવા કરવી પડે તેથી રજા વગર ગઢપુર જતા રહ્યા છે ! માટે અહીંથી કાઢી મુકો ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું "અહીંથી જતા રહો ? જો અમને રાજી કરવા હોય તો સેવા કરો અને બ્રહ્માનંદ સ્વામીના ગમતામાં રહો? વિદ્યાગુરુને રાજી રાખો અને વિદ્યા પ્રાપ્ત કરો ? ત્યારે વિદ્યાર્થી સાધુને થયુ કે આ તો અહીં પણ બ્રહ્માનંદ સ્વામીનું જ ચાલે છે. માટે હવે તો બ્રહ્માનંદ સ્વામી પાસે જ વિદ્યાભ્યાસ કરીશું. રૂમ વિચાર કરી સમાધિમાંથી જાગ્યા. એટલે ફરીથી મૂળીમાં આવ્યા અને બ્રહ્માનંદ સ્વામી પાસે વિદ્યાભ્યાસ શરૂ કર્યો. સ્વામીની માફી માગી અને ભૂલ ક્ષમા કરાવી. પછી શ્રધ્ધાથી ખૂબ સેવા કરે. તેથી વિદ્યા ગુરુના રાજીપાથી ખૂબ સારી વિદ્યા પ્રાપ્ત થઈ અને કથા વાર્તા કરીને સંતો હરિભક્તોને ખૂબ પ્રસન્ન કર્યા. સેવા કરવાથી અને સંતોના રાજીપાથી અંતઃકરણ પવિત્ર થાય છે. અને નિર્માનીપણું આવે છે. અને થોડી મહેનતે સારી વિદ્યા પ્રાપ્ત થાય છે. સેવા તો સદ્‌ભાગી જ કરી શકે.

માટે વાંચકો ! જેને વિદ્યા પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેણે પ્રથમ માતા-પિતાની ગુરૂની વડીલોની મંદિરોની ઈત્યાદિકની સારી રીતે શ્રધ્ધાથી સેવા કરવી. તો જ વિદ્યા પ્રાપ્ત કરી શકાશે.

●

સહેજે કલ્યાણ કરે સહજાનંદ

- હસુબેન એમ. વ્યાસ (નારણપુરા-અમદાવાદ)

આજે મુસાફરી કરવા માટેના સાધનો વિપુલ પ્રમાણમાં છે. રસ્તા પણ પહેલાના સમય કરતા ઘણા સારા છે. પરંતુ આજથી લગભગ બસો વર્ષ પહેલા યાત્રા પ્રવાસ કરવો એ વિકટ પરિસ્થિતી હતી. કોતર કે રણ ઓળંગવામાં ઘણી જ મુશ્કેલીઓ પડતી. ચોર લૂંટારાઓ આપણી પાસે ક્યારેક (ટીમણ) નાસ્તો પણ રહેવા દેતા નહિ. પરંતુ આત્મકલ્યાણના ખપવાળા લોકો ભગવાન મેળવવા અને પોતાનું કલ્યાણ કરી લેવા ભગવાનનું શરણું શોધતા રહેતા હતા. આવા કલ્યાણના ખપ વાળા કચ્છના હરિભક્તોને સમાચાર મળ્યા કે પ્રગટ ભગવાન સૌરાષ્ટ્રમાં આવેલા ગઢપુરમાં બિરાજે છે. સૌ હરિભક્તો તો ખૂબ રાજી રાજી થઈ ચાલતા ચાલતા કચ્છનો વિકટ રસ્તો પસાર થઈ ગયા બાદ લીલાછમઆંબા વાડિયા આવ્યા. હરિભક્તોએ રસ્તામાં આવતી વાડીમાં મીઠો છાયો જોઈ વિસામો કર્યો. આ વાડીમાં ઘણા સારા આંબા હતા. આંબા ઉપર લીલીછમઅને સોનેરી રંગની કેરીઓ લટકતી હતી. શ્રીજી મહારાજ માટે આ કેરીઓ લઈ જવા માટે હરિભક્તોના મન હાથ રહેતા ન હતા. આમાંના એક હરિભક્તે વિનમ્રભાવે વાડીના રખેવાળને પૂછ્યુ ભાઈ આ કેરીઓમાંથી થોડીક કેરીઓ વેચાતી અમને આપશો. રખેવાળે વળતો જવાબ આપતા કહ્યું કે આ કેરીઓ તો મોતિયાવાળા આપા બાપુ માટેની છે. એ મારાથી અપાય નહિ. આ સાંભળી કચ્છી હરિભક્તોએ વિનમ્ર ભાવે કહ્યું કે ભાઈ આ આખાએ બ્રહ્માંડના બાપુ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન માટે જ અમારે તો આ કેરીઓ જોઈએ છે માટે આપો તો સારૂ. શ્રી સ્વામિનારાયણ ભગવાન તમારા ઉપર રાજી થશે અને તમારૂ કલ્યાણ કરશે. આ સાંભળી રખેવાળના મનમાં કંઈક દૈવી ભાવ જાગ્યો અને તેણે ઉઠીને તરત જ સારી સારી મોટી મોટી કેરીઓ ઉતારી હરિભક્તોને આપતા કહ્યું, જો ખરેખર ભગવાન પોતે જ હોય અને તેમને માટે જ આ કેરીઓ ખપ લાગતી હોય, વળી તમારી પણ ભગવાન ને ખવડાવવાની ઊંચી ભાવના લાગે છે. માટે ભલે લઈ જાઓ. કચ્છી હરિભક્તો રાજી રાજી થઈ ગયા અને સ્વામિનારાયણ સ્વામિનારાયણની ધૂન કરતા કરતા ગઢપુર પહોંચ્યા અને શ્રીજી

મહારાજને કેરીઓ ભેટ ધરી. શ્રીહરિ પણ કેરીઓ ખૂબજ ભાવથી જમ્યા અને કેરીના ખૂબજ વખાણ કર્યા. પેલા રખેવાળ ભાઈ તો આ વાત સાવ વિસરીજ ગયા હતા. પરંતુ જ્યારે તેમનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજી મહારાજ કેરીઓ સાથે એમને દર્શન આપ્યા. રખેવાળ ભાઈ તો આ સુંદર મનોહર દિવ્ય મૂર્તિ જોઈ આનંદ વિભોર બની ગયા. અને હાથ જોડી પૂછવા લાગ્યા આપ કોણ છો ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, જેને માટે તેં કેરીઓ આપી હતી તે જ હું સ્વામિનારાયણ છું અને તમને મારા ધામમાં તેડી જવા માટે આવ્યો છું. ચાલો આ વિમાનમાં બેસી જાઓ. અને આ રીતે એક સત્કાર્યથી તેને પોતાના ધામનો અધિકારી બનાવ્યો. શ્રીજી મહારાજે પૃથ્વી પર અવતાર લઈ અપાર સામર્થી વાપરી. (નોતી દીઠા નોતી સાંભળી રે) આવી સામર્થી બતાવી આજે પણ પોતાના ભક્તોને અંતકાળે લેવા માટે પધારે છે. અથવા પોતાના સંતોને મોકલે છે. તો આપણે સૌએ આવા દયાળુ ભગવાનની આજ્ઞા ઉપાસનામાં રહી સહેજે સહેજે કલ્યાણ કરી લેવું. કચ્છના એક ત્યાગી બાઈ હતા. તેમણે ભૂજના શ્રી ઘનશ્યામમહારાજને એક કાંડા ઘડિયાળ અર્પણ કર્યું. સવારે સાત વાગ્યાનો સમય ઘડિયાળમાં હતો. બાઈએ શ્રી ઘનશ્યામમહારાજને પ્રાર્થના કરતા કહ્યું આ ઘડિયાળ પહેરીને મને તેડવા આવજો. જ્યારે આ બાઈનો ધામમાં જવાનો સમય થયો ત્યારે શ્રીહરિ ઘડિયાળ પહેરી બાઈને તેડવા આવ્યા અને કહ્યું કે તેં કહ્યું હતું ને તેજ ઘડિયાળ પહેરી તને તેડવા આવ્યા છીએ. તૈયાર છે ને ! બાઈએ શ્રીહરિની ગદ્‌ગદ્‌ ભાવે પ્રાર્થના કરી દેહ મુક્યો.

સુવાસીની બાઇ

- રાધાબેન રસિકભાઈ ગોળવિયા (સુરત)

સુવાસીની બાઈ એટલે પૂર્વના મહામુક્ત શ્રીજી મહારાજના મોટાભાઈ રામપ્રતાપજી જે સાક્ષાત્‌ શેષનારાયણ અને પછી બળદેવજી મહારાજનો અવતાર હતા. અને એમના પત્ની-અર્ધાંગીની જે પણ પૂર્વે રેવતીનો અવતાર હતા. કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ પરમાત્માના ભાભી અને સ્વામિનારાયણ અવતારમાં સ્વયં પુરુષોત્તમનારાયણના ભાભી તે પોતેજ સુવાસીની બાઈ. મહારાજના મોટા ભાઈને ભાભી મહારાજથી ઘણાંજ મોટા હતા. તેથી એક માતા પિતાની તુલ્યે હતા. આવા સુવાસીની બાઈ પિયરથી સાસરે ધર્મદેવને ત્યાં આવ્યા તે જાન તેઓને લેવા તરગામગયેલા ત્યાં પણ બાળ ઘનશ્યામ જાનમાં ગયા હતા ને ત્યાં તરગામમાં અનેક ચમત્કારો બતાવી સહુના મન જીતી લીધા હતા. સુવાસીની બાઈ એટલે ભક્તિમાતાના ધર્મ પિતાના પુત્રવધુ. ભક્તિમાતા પછી જો કોઈ વધારે ભાગ્યશાળી હોય તો તે છે સુવાસીની બાઈ. કારણ કે બાળ સ્વરૂપ ઘનશ્યામને તેઓને રમાડવાનું, જમાડવાનું, કપડા પહેરાવવાનું સ્નાન વિધિ કરાવવાનું અને સેવાઓ કરવાનો પરમ અવસર પ્રાપ્ત થયો હતો. તેવું સૌભાગ્ય ભક્તિમાતા પછી ફક્ત સુવાસીની ભાભીને જ મળ્યું છે.

એક વખત બાળ ઘનશ્યામ રમીને આવ્યા અને ભૂખ બહુ લાગેલી. સુવાસીની ભાભી એ કહ્યું કે ઘનશ્યામપગ ધોઈને આવો પછી જમવાનું આપું. તેમ કહી સુવાસીની બાઈ કૂવા કાંઠે પાણી સીંચીને ઘનશ્યામના પગ ધોવા લાગ્યા તો બંને ચરણમાં મચ્છ, (મીન) ગોપદ, ધનુષ્ય, કેતુ, પદમ વગેરે ચિન્હો જોયા અને હાથમાં ચક્રનું ચિન્હ જોઈ બોલ્યા કે ઘનશ્યામ તમોને ભવિષ્યમાં મોટો રાજ્યકારોબાર મળશે. તો તે વખતે અમોને યાદ કરશો ને ? ત્યારે ઘનશ્યામ બોલેલા જો તમારા કહેવા મુજબ અમોને રાજ્ય મલશે તો અમો તમારા ખોળે ધરી દઈશું. જે ખરેખર સુવાસીનીના પુત્રને ધર્મના આચાર્ય તરીકે પોતાની જગ્યાએ સ્થાપેલા.

ભક્તિમાતાએ જીવનની છેલ્લી ઘડીએ સુવાસીની બાઈને અને રામપ્રતાપજીને કહેલું કે આ તમારા દિયર કે નાના ભાઈ ઘનશ્યામ જે સાધારણ મનુષ્ય નથી. તો તેમને સેવજ્યો પૂજજો અને સાચવશો. નાના ઈચ્છારામજી અને ઘનશ્યામને અમારી ગેર હાજરીમાં સાચવવામાં કચાશ ન રાખશો. કોઈપણ પ્રકારે બંનેને દુઃખ પડવા દેશો નહીં તેમ ભલામણ કરેલી. અને ધર્મપિતાએ પણ ભલામણ કરેલ કે આ ઘનશ્યામની વૃત્તિ ઘરમાં નથી ત્યાગમાં છે. તો હંમેશા સાથે રાખજ્યો. કોઈ જાતનું કટુ વચન કહેતા નહી. તે સાક્ષાત્‌ પુરુષોત્તમનારાયણ હરિકૃષ્ણ સ્વામિનારાયણ પોતે છે. ત્યાર પછી સુવાસીની બાઈ અને રામપ્રતાપભાઈ ઘનશ્યામમા નિશ્ચય રાખી પોતાના ઈષ્ટદેવ સમજી પગે લાગતા અને સાચવતા.

એક વખત ઘનશ્યામની જમણી આંખ રાતી થઈ તે જોઈ સુવાસીનીબાઈ બોલ્યા : ઘનશ્યામ તમારી આંખ લાલ થઈ છે. દુખવા આવી છે કે શું ? ત્યારે ઘનશ્યામકહે આંખમાં થોડો ખટકો આવે છે. તેથી સુવાસીની બાઈ આંખમાં અંજન આંજવા ગયા ત્યારે ઘનશ્યામે આંખ પહોળી કરી ત્યાં તો આંખમાં અનેક બ્રહ્માંડોના દર્શન થયા. નવગ્રહ તારા મંડળ વગેરેના દર્શન થયેલા. આવીજ રીતે મુખમાં પણ બ્રહ્માંડો બતાવેલા.

બાળઘનશ્યામભક્તિમાતાના અક્ષરવાસ પછી અને પહેલેથી સમજણા થયા ત્યારથી સુવાસીની ભાભીને માતા સમાન ગણ્યા છે. ઘનશ્યામ મહારાજે જ્યાં સુધી દેહ રાખ્યો ત્યાં સુધી માતા સમાન ગણ્યા છે. એક વખત નવરાત્રીમાં સુવાસીની બાઈ અને નાના બાઈઓ ગરબી નીચે ગાતા હતા. ભક્તિમાતા નાના ઈચ્છારામજી સાથે તે જોવા બેઠા હતા. ત્યારે ગોલોકમાંથી ગોપીઓ શ્રીહરિને રાજી કરવા આવીને ગરબીમાં જોડાઈ ગઈ. સર્વેના મનમાં અતિશે ઉત્સાહ વ્યાપ્યો. ત્યારે સુવાસીની બાઈએ પૂછ્યું આ આવેલ નવતર નવા આંગતુક બાઈઓ કોણ છે ? ત્યારે

ઘનશ્યામ કહે તે સર્વે ગોપીઓ છે અમોને રાજી કરવા આવી છે. પછી થોડીવાર ગરબી લઈ ભક્તિમાતા અને સુવાસીની બાઈને પગે લાગી આકાશ માર્ગે અદૃશ્ય થઈ ગઈ.

ઘનશ્યામ ઘેર હતા ત્યારે ઘનશ્યામની ઘણીજ પ્રકારે સેવા કરતા સુવાસીની બાઈના મનોરથ ઘનશ્યામે પુરા કર્યા હતા. ઘનશ્યામ જ્યારે કોઈને કહ્યા વગર ૧૧ વર્ષની ઉંમરે વનવિચરણ કરવા નીકળી ગયા. ત્યારે વધારેમાં વધારે વિયોગનું દુઃખ સુવાસીની બાઈને થયું હતું. પતિને અને ગામના લોકોને ઘનશ્યામને શોધવા મોકલ્યા હતા. શોધતા નહીં મળતા મૂર્છિત થઈ જમીન ઉપર ઢળી પડ્યા હતા. એટલો સ્નેહ હતો ઘનશ્યામ સાથે સુવાસીની બાઈને!

બાળ ઘનશ્યામના ઘણા ઐશ્વર્યકારી ચરિત્રો સુવાસીની બાઈએ અનુભવ્યા હતા છતાં ક્યારેય ઘનશ્યામમાં મનુષ્ય ભાવ આવ્યો નહતો. અંગૂઠી લીલા, દાંત બત્રીસી બહાર કાઢી તે લીલા. રૂમ અનેક લીલાના દર્શન સુવાસીની બાઈએ પ્રત્યક્ષ કર્યા હતા. આવા મહાન ભાગ્યશાળી હતા. સુવાસીની બાઈ.

●

બાલા ગામના સુંદર મા

- ગીતાબેન લીલાધરભાઈ પિત્રોડા (જોરાવરનગર)

ઘરડા ઉંમરલાયક એક માજી બાલાગામમાં રહેતા હતા. એકવાર કારિયાણીમાં વસતા ખાચરે દિવાળીનો સમૈયો કરવા મહારાજને તેડાવ્યા. ગામો ગામના લોકોને પણ સમૈયામાં આવવા માટે પત્ર લખ્યા હતા. મહારાજનો સમૈયો હોવાથી ગામોગામના સંઘ આવ્યા. તેમાં બાલાગામનો સંઘ પણ આવ્યો અને તેમાં સુંદરમાં પણ સમૈયામાં આવ્યા હતા.

આ બાજુ વારાફરતી સંઘ આવવાની શરૂઆત થઈ ગઈ છે. તેમાં ઉનાનો સંઘ પણ આવ્યો. એમાં દિવબંદરના પ્રેમબાઈ આવ્યા હતા. તેમને મહારાજ ઉપર ખૂબ હેત હતું, લાગણી પણ ખૂબ હતી. મહારાજ માટે તો સુવર્ણના તારે યુક્ત જરિયાની વસ્ત્રો તથા સુવર્ણનો મુગટ ભાવપૂર્વક લાવ્યા હતા. દૂર ઉભા રહી પ્રભુના દર્શન કર્યા અને વસ્ત્રો આભૂષણ અને મુગટ પ્રભુ માટે મોકલ્યા. મહારાજ તો પ્રેમબાઈનો પ્રેમ અંતર્યામી પણે જાણી ગયા. વસ્ત્રોનો મહારાજે સ્વીકાર કરી પોતાના અંગે વસ્ત્રો, મુગટ, આભૂષણ ધારણ કર્યા. જેનાથી મહારાજ ખૂબ શોભતા હતા. ગામોગામના સંઘ દર્શનનો લાભ લઈ રહ્યા છે. તેવામાં સભામાં પ્રેમબાઈના પાસે બેઠેલા સુંદરમાં બોલ્યા કે બાઈ ! આટલી બધી કિંમતની વસ્તુ ભગવાનને અર્પણ કરાય ? ભગવાનને શેર બશેર અનાજ અપાય. કાં તો થોડી ઘણી સેવા અપાય. હવે આવી વાર્તા કરે છે ત્યાં ભગવાન અંતર્યામી પણે જાણી ગયા. સુંદરમાને ભગવાનપણાનું જ્ઞાન કરાવવા સભા વચ્ચે સવાલ કર્યો કે "મત્સર કોને કહેવાય ?" જવાબ પણ મહારાજે આપ્યો કે કોઈ આપે ને કોઈ લે એમાં વચમાં બળી મરે તેને કહેવાય મત્સર. આ વાત કારીયાણીનાં છઠ્ઠાં વચનામૃતમાં લખી છે. પછી તો પ્રેમબાઈ સુંદરમાનાં બોલવા ઉપર મનમાં થોડુંક હસ્યા. મનમાં થયું કે આ માજી તો નવા-નવા આવ્યા લાગે છે. માટે મહારાજને ઓળખતા નથી. એટલે કશું બોલ્યા નહિ. સમૈયો પુરો થયો. પછી દરેક સંઘ મહારાજનાં વારાફરતી દર્શન કરી પ્રસાદી લઈ પોતપોતાના ગામ જવા રવાના થાય છે. એવામાં બાલાગામનો સંઘ પણ પ્રભુનાં દર્શન કરી જવાની તૈયારી કરે છે. એટલામાં અંતર્યામી પ્રભુએ સુંદરમાંને બોલાવી કહ્યું કે માજી આવ્યા છો તો અઠવાડિયું અહીં રોકાઈ જાવ અને આ અમારા લાડુબા અને જીવુબા સાથે સમાગમ કરો અને મંદિરના રોટલા ખાજો. ડોશીને મનમાં ઘર અને પોતાના બે છોકરા સાંભરે છે. પણ રોટલા ખાવાનું કહ્યું એટલે રોકાવાનું મન થયું. આ બાજુ લાડુબા અને જીવુબાનો સમાગમ કરી ખરા અર્થમાં ભગવાન શું છે તે જાણી ગયા પછી ભગવાન પ્રત્યેનો પ્રેમ વધવા લાગ્યો. અને મનમાં વિચારે છે કે "પ્રભુને મારે શું આપવું?" પ્રભુને મારે કંઈક આપવું જોઈએ આવા વિચાર કરતા-કરતા મહારાજને કહેવા લાગ્યા કે "મહારાજ, મારે ઘેર ક્યારે પધારશો ?" મહારાજે તો સુંદરમાંની લાગણી જોઈને કહ્યું કે "સુંદરમાં, અમે જરૂર પધારશું. જ્યારે સત્સંગ વિચરણ માટે નીકળીશું ત્યારે જરૂર પધારીશું."

પછી કોઈકવાર મહારાજ સત્સંગ વિચરણમાં નીકળ્યા ત્યારે સુંદરમાંના ઘરે ગયા. સુંદરમાં આનંદવિભોર બની ગયા. મનમાં આનંદ સમાતો નથી. ગાંડાઘેલા બની ગયા. દેહનું પણ ભાન નથી. આવા સમયે મહારાજને કહેવા લાગ્યા કે દયાળુ ! આજે તમે મારી પાસે કંઈક માંગો. તમે જે માંગશો તે હું આપીશ. દેહભાન ભૂલેલા વ્યક્તિને કંઈ ભાન રહેતું નથી. આજે તો મહારાજને દેવાનો કેફ ચડ્યો છે. ખરુ તો ભક્તો ભગવાન પાસે માંગે પણ આજે સુંદરમાં ભગવાનને માંગવાનું કહે છે. ત્યારે ભગવાને કહ્યું કે તમને જે વહાલું હોય તે આપો. સુંદરમાં જે પ્રેમબાઈને શેર બશેર અનાજ આપવાનું કહેતા તે જીવ ભગવાનને આપવાનું કહે છે. આમ, પોતાના વહાલા બે દીકરા ભગવાનના ચરણે અર્પણ કરી દીધા.

જેમ, સુંદરમાંને લાડુબા અને જીવુબાના જોગમાં આવવાથી પ્રભુની ઓળખાણ થઈને દૃષ્ટિ બદલાઈ ગઈ. વ્હાલો મારો રાજી થયા તેમ આપણે પણ ભગવાનને જેવા છે તેવા જાણીએ અને સુંદરમાં જેવો પ્રેમ રાખીએ. આપણે તો ભગવાનને થાળ અને વસ્ત્રાલંકારો અર્પણ કરીએ તો ભગવાન ખૂબ ખૂબ રાજી થાય.

માટે કીર્તનમાં પણ કહ્યું છે કે,

"સંત વિના સાચું કોણ કહે રે,
સાચા સુખની વાત રે,
દયા રહી છે, જેના દિલમાં રે.
નથી ઘરમાં ઘાટ રે,
સંત વિના સાચું કોણ કહે રે."

●

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ કૃતઘ્ની કોને કહેવાય, શિક્ષાપત્રીના આધારે સમજાવો ?

પ્રશ્ન : ૨ "વચન લોપી જાણે સુખ લેશું રે, તે તો કે શું કેવાને જે, રે શું રે, જ્યારે પશ્ચિમે પ્રગટશે રવિ રે, થાશે બીજ રહિત પૃથ્વી રે, તોય નહી થાય રીત એ નવી રે....." વચન લોપી.... આ કડીઓના રચયિતા કોણ છે ?

પ્રશ્ન : ૩ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી એક વખત બોરડીના વૃક્ષ નીચે બિરાજમાન થયા ત્યારે તેમના માથાના રૂમાલમાં બોરડીની એક ડાળખી ભરાયેલી. તે જોઈને શ્રી ગોપાળાનંદ સ્વામીએ કૃપા દૃષ્ટિથી બોરડીના વૃક્ષને મીઠો ઠપકો આપતાં કહ્યું કે.....

પ્રશ્ન : ૪ પ્રેમ વતી માતાને કાર્તિક માસના શુકલપક્ષના દિવસે તાવ આવ્યો હતો. ત્રણે પુત્રો સેવા ચાકરી કરી રહ્યા છે. માતામાં અતિશય સ્નેહ હોવાથી શ્રીહરિ સેવામાં વિશેષ કરીને રહે છે. હવે પરમાત્માનુંજ ચિંતવન કરતાં એવા પ્રેમવતી માતાને શ્રીહરિ પરમાત્માએ પોતાના સ્વરૂપે જ્ઞાન શુકલ પક્ષની કઈ તિથિએ આપ્યું હતું ?

પ્રશ્ન : ૫ ઘનશ્યામે જ્યારે ઘરનો ત્યાગ કર્યો ત્યારે પ્રાતઃકાળે સરયુ નદીના કિનારે હોડીની રાહ જોઈને ઉભા હતા તે સમયે ઘનશ્યામનું મૃત્યુ થયેલું જાણીને, તે અસુર બીજા કેટલાક દૈત્યોને પોતે કરેલું કર્મ કહેવા જતો હતો. તે દોડીને જતો હતો. તેવામાં તેનું મૃત્યુ થયું. તો તે અસુરનું મૃત્યુ અચાનક કેવી રીતે થયું ?

પ્રશ્ન : ૬ ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે. આ વચન ક્યા વચનામૃતના છે ?

પ્રશ્ન : ૭ કૈસે જાઉં પનિયાં રોક્યો પનઘટવા..... ખંધે કામરિયાં ને હાથ લકુટિયાં..... - આ સુંદર ઠુમરી રાગના પદના રચયિતા કોણ છે ?

સપ્ટેમ્બર-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેના પુત્ર જે વિઠ્ઠલનાથજી, એવો ઉલ્લેખ શિક્ષાપત્રીના ૮૧ માં શ્લોકમાં કર્યો છે. (૨) ગોવિંદ શર્મા અને દિનમણી શર્મા. તેમને પ્રથમઉધ્ધવ સંપ્રદાયના સાધુ પ્રભુતાનંદજીનો મેળાપ થયો હતો અને તેમનું નામ"સ.ગુ. ઈનત્યાનંદ સ્વામી પાડ્યું." (૩) સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણના ૪૦ માં અધ્યાયમાં કહ્યું છે. (૪) લોયાનું ૧૭ મું વચનામૃત. (૫) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી. (૬) શર્યાતિનો પુત્રનો પુત્ર "રેવત" રેવત રાજાને સો પુત્રો તેમાં "ક્કુધ્મી" મોટો જેણે પોતાની પુત્રી "રેવતી"ના લગ્ન બળદેવજી સાથે કર્યા હતા. (૭) સ.ગુ. આધારાનંદ સ્વામી

૧. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૨. સાંખ્યયોગી શિલ્પાબા, શિતલબા (સુરેન્દ્રનગર)
૩. અમૃતલાલ મોદી (સોજા)
૪. પટેલ ગોરધનભાઈ (સોજા)
૫. સાંખ્યયોગી ભારતીબા તથા મંજુબા (કાલુપુર હવેલી)
૬. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૭. વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૮. માધવજીભાઈ હરજીભાઈ (મોરબી)
૯. ચંદ્રિકાબેન એસ. ટાંક (જીરાગઢ)
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર (સીતાપુર)
૧૧. ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૨. જ્યોત્સનાબેન રાજેન્દ્રભાઈ (આણંદપુરા-કડી)
૧૩. રાજુભાઈ ચંદુભાઈ (આણંદપુરા)
૧૪. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૫. પ્રફુલાબેન (ઉવારસદ)
૧૬. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૭. અંજનાબેન મનુભાઈ પટેલ (દહેગામ)
૧૮. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૧૯. સુભદ્રાબેન રમેશભાઈ પટેલ
૨૦. હેલી, હાર્દ, કિરીટભાઈ પટેલ (નરોડા)
૨૧. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની
૨૨. ભાવનાબેન કમલેશકુમાર ખંધડિયા (મોરબી)
૨૩. સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા)
૨૪. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨૫. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨૬. વિદ્યાર્થીની બહેનો (મીરજાપર-કચ્છ)
૨૭. દેવીબેન હિરાલાલ દબાસીયા (મીરજાપર-કચ્છ)

નોંધ : પ્રશ્નપેટીના જીજ્ઞાસુ હરિભક્તોને સૂચન છે કે પોતાના ઉત્તર ગુપ્ત રાખીને મોકલવા. (ઉત્તરો પોતાની પુરતા મર્યાદિત રાખવા)

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં ઉજવાયેલ શ્રી ગણપતિજીનો વરઘોડો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉત્સવ સમૈયાની પરંપરા પ્રર્વતાવી ત્યારથી વર્તમાન સમયમાં મૂળ સંપ્રદાયમાં આ પરંપરા જળવાઈ રહી છે અને તેમાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ છે.

ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં છેલ્લા ૨૦૦ વર્ષથી શ્રી ગણપતિજીનો વરઘોડો શહેરના રાજમાર્ગો પરથી છેક નારણઘાટ સુધી ઓચ્છવીયા મંડળી ઓચ્છવ કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સાથે હજુરી પાળાઓ અને સંત સમુદાય સાથે હજારો હરિભક્તો વરઘોડામાં જોડાતા હોય છે. હાલ ટ્રાફિક સમસ્યા અને શહેરની ગીચતાને કારણે છેલ્લા પાંચ વર્ષથી રૂટમાં ફેરફાર કર્યો છે.

આ વરસે તા. ૧૧-૯-૨૦૦૮ ને સોમવારના બપોરના ૧-૩૦ કલાકે સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી ગણપતિજીની આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ અને સંત-હરિભક્તો સાથે હવેલીમાં પધારીને વરઘોડાનું પ્રસ્થાન કર્યું. કાલુપુર મંદિરથી લાંબેશ્વરની પોળ થઈ કેલિડો ડોમઓચ્છવ કરતા કરતા રીલીફ રોડ થઈ વરઘોડો નારણઘાટ પહોંચ્યો હતો. જ્યાં શ્રી ગણપતિજીનું વિસર્જન-આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. સાંજે ૬ થી ૮ સુધી ઓરિએન્ટલ બિલ્ડીગથી મંદિર સુધી સંત-મંડળ ઓચ્છવ મંડળ ઓચ્છવ કરતા હરિભક્તોના વિશાળ સમૂહ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન મુદ્રામાં હળવી ચાલે ચાલતા ચાલતા ઓચ્છવ મંડળને પ્રોત્સાહિત કરતા કાલુપુર મંદિર પહોંચ્યા અને ઉત્સવની પૂર્ણાહુતિ કરીને શ્રી નરનારાયણદેવની સંધ્યા આરતી ઉતારીને સ્વસ્થાન પધાર્યા હતા. આ પ્રસંગમાં મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી, કોઠારી રામાનુજ સ્વામી, સ.ગુ. જગતપ્રકાશદાસજી સ્વામી, વી.પી. સ્વામી, બ્ર. પૂજારી સ્વામી આદિ ઘણા સંતો વરઘોડામાં ધૂન-ભજન કરતા જોડાયા હતા. *(શા. ધર્મકિશોરદાસ)*

જીવરાજપાર્ક મંદિરમાં અમદાવાદ મંદિરના કોઠારના સંતો દ્વારા સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી જીવરાજ પાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે દર એકાદશીના કોઠારી રામાનુજ સ્વામી અને શા. ધર્મકિશોરદાસ આદિ સંતો રાત્રી સત્સંગ સભામાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા-લીલાચરિત્રો - ધર્મકુળ માહાત્મય - વ્યસન મુક્તિ સદાચારી જીવન જીવવા ઉપર દ્રષ્ટાંત અને રમૂજ સાથે જ્ઞાન કથા કરીને સૌને અલૌકિક લાભ આપે છે. જીવરાજપાર્ક, વાસણા, પાલડી અને આંબાવાડી વિસ્તારના હરિભક્તોને સભાનો લાભ લેવા ખાસ અનુરોધ છે. *(ભરતભાઈ ઠક્કર)*

મેમનગર શાંતિ નિકેતન સોસાયટીમાં યોજાયેલ સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામીના મંડળના સંતો જ્યાં જ્યાં ગામ કે શહેરના હરિભક્તો સત્સંગ સભા રાખવા માગતા હોય ત્યાં સમય મુજબ સભાનું આયોજન ગોઠવીને કોઠારી સ્વામી, શાસ્ત્રી ધર્મકિશોરદાસ વગેરે સંતો જ્ઞાનવાર્તા-કથાવાર્તા કરવા અચૂક જાય છે. તા. ૨-૯-૦૮ના રોજ માણેકપુરના ચૌધરી હરિભક્તો દ્વારા મેમનગર શાંતિ નિકેતન સોસાયટી (એચ.બી. કાપડીયા સ્કુલ પાસે) ખાતે રાત્રી સત્સંગ સભામાં ભગવાન શ્રીહરિનું માહાત્મય મહિમા, શાસ્ત્રનું વાચન, કીર્તન ભક્તિ, ધૂન વગેરે કરીને સર્વોપરિ શ્રીજી મહારાજનો મહિમા, ધર્મકુળ મહિમા અને વ્યસન મુક્તિ પર સુંદર દ્રષ્ટાંત સાથે વાતો કરીને હરિભક્તોની વિશાળ મેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. હરિભક્તો પણ આવી સભાથી ખૂબજ ભાવ વિભોર બન્યા હતા. *(કલ્પેશ પટેલ)*

ઘાટલોડિયામાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને અમદાવાદ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી ઘાટલોડિયા ખાતે ગોલ્ડ મેડાલીસ્ટ જ્યોતિષાચાર્ય શાસ્ત્રીશ્રી નિલેશભાઈ વાઘેલાના નિવાસ સ્થાને શા. સ્વામી રામાનુજદાસજી, શા. ધર્મકિશોરદાસજીએ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન કવન-લીલા ચરિત્ર અને ૨૦૦ વર્ષ પહેલાનું માનવીનું જીવન ધોરણ-કુરિવાજો સામાજિક ક્રાંતિ, શ્રીજી મહારાજના ઉપદેશ વિચરણ અને નંદસંતોના અથાગ પ્રયત્નથી મોટા મોટા ડાકુ લૂંટારા શ્રીહરિના આશ્રિત બન્યા તેવા પ્રસંગો વર્ણવીને ત્યારબાદ સંપ્રદાયમાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી શ્રીજી મહારાજના સ્થાને તેમના જ અપર સ્વરૂપ રૂપે સંપ્રદાયની જ્યોતને વિશેષ ઉજ્જવળ કરી છે. અને હાલ તે પરંપરા અવિરત ચાલુ છે. આમ સંતોએ આ વાઘેલા પરિવારને સુંદર ઉપદેશ આપીને તેમનું ગૌરવ ગરિમા વિશેષ વધે તેવા

આશીર્વાદ આપ્યા હતા. *(અલ્પેશ પટેલ)*

હિંમતનગર મંદિરમાં મહિલા સત્સંગ મંડળની પ્રવૃતિ

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહ આજ્ઞા અને પ્રેરણાથી હિંમતનગરમાં સત્સંગી બહેનોના સ્વામિનારાયણ મહિલા સત્સંગ મંડળને શ્રાવણ વદ-૧૧ ના ૨૦ વર્ષ પુરા થયા. દર વર્ષે સત્સંગી બહેનો શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, સમૂહ મહાપૂજા, કીર્તન ભક્તિ, મહાપ્રસાદ વગેરેનું આયોજન કરે છે. જેમાં સેંકડો બહેનો નિયમિત સભાનો લાભ લેછે.

૨૦ વર્ષ પુરા થતા તે પ્રસંગના ઉપલક્ષમાં સમૂહ મહાપૂજાનું આયોજન કરેલ. જેની પૂર્ણાહુતિ પ્રસંગે સંપ્રદાયની મર્યાદામાં રહીને ઈડરના મહત સ્વામી જગદીશપ્રસાદદાસજી અને હિંમતનગર મંદિરના મહંત શા. સ્વામી હરિજીવનદાસજીએ ઉપસ્થિત રહીને ઠાકોરજીની આરતી ઉતારી હતી.

આ પ્રસંગમાં શ્રી અલકાબેન રાજેશભાઈ પટેલ અને સરોજબેન વિપુલભાઈ પટેલે યજમાન બની લાભ લીધો હતો. આ મંડળમાં જે કાંઈ આર્થિક સહયોગ મળે છે તે ધાર્મિક પ્રવૃતિમાં ઉપયોગમાં લેવાય છે. આ મંડળમાં કોઈ પ્રમુખ, મંત્રી કે સેક્રેટરી નથી. સૌ બહેનો સમાન છે. જેમાં શાંતાબેન પટેલ, જોઈતીબા, કમળાબેન, સવિતાબેન, ડાહીબેન, મંજુલાબેન પટેલ વગેરે સંપ, સહકાર અને શ્રધ્ધા ભક્તિથી સેવા બજાવે છે. શ્રીજી મહારાજની કૃપાથી અને આપણા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી મહિલા મંડળ સુંદર ધર્મની પ્રવૃત્તિ કરે છે.

(નીલાબેન કે. પટેલ હિંમતનગર)

હિંમતનગર મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા મહંત સ્વામી હરિજીવનદાસજીની પ્રેરણાથી શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ અવનવા સુંદર હિંડોળાના દર્શન કરાવ્યા હતા. બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજને વર્ણીવેષના અદ્‌ભુત દર્શન કરાવ્યા હતા.

જન્માષ્ટમી પ્રસંગે વિશેષ કીર્તન-ભક્તિ સાથે રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. મહંત શા. સ્વામી હરિજીવનદાસે વચનામૃત જ્ઞાનયજ્ઞમાં વચનામૃતની કથા કરીને હરિભક્તોને કથા રસમાં તરબોળ કર્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

ન્યુ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે ન્યુ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૦-૮-૦૮ ને રવિવારના બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. જયંતીભાઈ લાલજીભાઈ પટેલ (અમદાવાદ) સહ યજમાન શ્રી મહેશભાઈ નરેન્દ્રભાઈ છોટુભાઈ, કેતનભાઈ કાંતિભાઈ મહેતા તથા શ્રી શરદભાઈ જયંતીભાઈ ટાંક પરિવારે લાભ લીધો હતો.

આ પ્રસંગે સ્થાનિક હરિભક્તો અને યાત્રિક હરિભક્તોએ કથા વાર્તા, બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક દર્શન, અન્નકૂટ દર્શન કરી મહા લાભ લીધો હતો. દર્શનાર્થી હરિભક્તો માટે મંદિરમાં પ્રસાદની સુંદર વ્યવસ્થા મહંત સ્વામી દેવપ્રસાદદાસે કરી હતી.

(માધવ સ્વામી, પૂજારી)

જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર ખાતે શ્રાવણ વદ-૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર પાટોત્સવ અભિષેક વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં જેતલપુરથી પધારેલા પૂજ્ય પી.પી. સ્વામી, માણસા મહંત શા. ઘનશ્યામસ્વામી, જયપુરના મહંત દેવ સ્વામી આદિ વિદ્વાન સંતોએ સર્વોપરિ ભગવાનનું માહાત્મય અને ધર્મવંશીનો મહિમા વિધિવત પોતાના વક્તવ્યમાં કહ્યો હતો. યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સ્થાનિક અને બહાર ગામથી પધારેલા હરિભક્તોએ દેવ દર્શન આચાર્ય મહારાજશ્રી અને સંતોના દર્શન કરી ખૂબજ લાગણી સભર બન્યા હતા. *(વી.પી. સ્વામી)*

ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રેના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રાવણ માસમાં શ્રી ગોપીનાથજી મહારાજ સમક્ષ વિવિધ પ્રકારના ભવ્ય હિંડોળા બનાવીને દર્શન કરાવવામાં આવ્યા હતા. જન્માષ્ટમીના અહીંના આજુબાજુના ગામોના હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. રાત્રે ધૂન-ભજન, કીર્તન આદિ થયા હતા. બાળકોએ મટકી ફોડીને જન્મોત્સવ ઉજવ્યો. રાત્રે ૧૨-૦૦ કલાકે 'નંદ ઘેર આનંદ ભયો' સાથે શ્રીકૃષ્ણ પરમાત્માનો પ્રાગટ્યોત્સવ આનંદ ઉલ્લાસથી ઉજવાયો. *(કોઠારી સત્યસંકલ્પદાસ)*

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે આપણા બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણા અને આશીર્વાદથી અષાઢ વદ-૨ થી શ્રા.વદ-૨ પર્યન્ત ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના હિંડોળાના દર્શન કરાવ્યા હતા.

તા. ૬-૮-૦૮ થી તા. ૧૦-૮-૦૮ પર્યન્ત શા. ધર્મવલ્લભદાસ અને સંત મંડળે રાત્રી જ્ઞાન સત્રમાં સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતો કીર્તન ભક્તિ કરીને હરિભક્તોની જ્ઞાન પિપાસા સંતોષી હતી.

શ્રા.વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી ધામધૂમથી થઈ હતી. ઠાકોરજીનું સિંહાસન રોશની અને ફુલહારથી શણગારીને અદ્‌ભુત શોભાયમાન લાગતું હતું.

બાલ બાલિકા મંડળ દ્વારા ધાર્મિક વિષયો પર નાટિકાઓ રાસ આદિ કાર્યક્રમ સંપન્ન થયા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતીના દર્શને આખું મંદિર ખીચોખીચ ભરાઈ ગયું હતું.

મંદિરના ટ્રસ્ટીશ્રી રતિભાઈ ખીમજીભાઈ પટેલ અવાર-નવાર ઉપસ્થિત રહીને પ્રેરણા પુરી પાડે છે. તદુપરાંત કોઠારીશ્રી અમૃતભાઈ પટેલ, શ્રી પ્રશાંતભાઈ વ્યાસ તથા શ્રી રસિકભાઈ પટેલ વગેરે હરિભક્તોની સેવા અન્યને પ્રેરણા પુરી પાડે છે. *(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

માણસા મંદિરના સંતો દ્વારા સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી માણસા મંદિરના મહંત કથાકાર વિદ્વાન સંત શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી અને તેમના મંડળના સંતો કો. પૂર્ણપ્રકાશદાસ, ગવૈયા ચંદ્રપ્રકાશદાસ આદિ સંત મંડળે શ્રાવણ માસમાં વિવિધ પ્રકારના હિંડોળા દર્શન, સવારે શ્રીમદ્‌ સત્સંગિજીવન કથા, સાંજે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ધીરજાખ્યાન કથા, સમૂહ મહાપૂજા કરાવીને જન્માષ્ટમી ઉત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધો.

અને શ્રાવણ માસમાં મુબારકપુર, માણેકપુર (ચૌધરી) ગોઝારીયા, સમૌ, બાપુપુરા, ઈન્દ્રપુરા અને કૃષ્ણ સિંહનો માઢ (માણસા) આદિ ગામોમાં સત્સંગ સભા યોજીને સર્વોપરિ શ્રીહરિનું માહાત્મ્ય, ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મય મહિમા સહિત સમજાવીને ઘણાને વ્યસન મુક્ત અને ઘણા નવા મુમુક્ષુઓ બનાવીને વર્તમાન ધરાવી સત્સંગની પરંપરા પૂજાવિધિ-તિલક-ચાંદલો સહિત કરવી અને નિત્યે મંદિર જઈ દર્શન કરવાના નિયમ લેવડાવ્યા હતા. *(શા. ભક્તિકેશવદાસ)*

એપ્રોચ (બાપુનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રાવણ માસમાં હિંડોળા અને સમૂહ મહાપૂજા વિધિવત રીતે થઈ હતી.

શ્રા.સુ.-૧૦ ના ૧૫૦ જેટલા ભાવિકોએ મહાપૂજાનો લાભ લીધો હતો. જન્માષ્ટમીના રાત્રે કીર્તન-ભક્તિ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે રાસ-ઉત્સવ રમીને સૌને આનંદિત કર્યા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ આરતી ધામધૂમથી થઈ હતી. જેમાં હજારો ભાવિકોએ દર્શનનો મહા લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રી રસિકભાઈ કાછડીયા અને શ્રી ગોકુલભાઈ સુહાગીયાએ યજમાન પદનો લાભ લઈ પ્રેરણારૂપ બન્યા હતા. શ્રી ઘનશ્યામમહારાજના ધર્મવંશી આચાર્યશ્રીના પોષાકના અદ્‌ભુત દર્શન કરીને ભાવિકો ભાવ વિભોર બન્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

વણઝર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સ્વયંપ્રકાશદાસ સ્વામી આદિ સંત મંડળે અહીંના મંદિરમાં જન્માષ્ટમીના શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવીને હરિભક્તોને સર્વોપરિ શ્રીહરિનો મહિમા સમજાવીને સુંદર લાભ આપ્યો હતો. *(રમણલાલ પટેલ)*

નવા વાડજ મંદિર

ચાતુર્માસમાં તા. ૩૧-૮-૦૮ રવિવારે સવારે ૭-૩૦ થી ૧૨-૦૦ શાસ્ત્રોકત વિધિ પ્રમાણે શ્રી ઘનશ્યામમહારાજશ્રીના સાનિધ્યમાં મહાપૂજાનું આયોજન પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી કરવામાં આવેલ. કાળુપુર મંદિરથી આ પ્રસંગે કોઠારી, શાસ્ત્રી રામાનુજ સ્વામી તથા શાસ્ત્રી ધર્મકિશોરદાસ સ્વામી પધારેલ. અને મહાપૂજા કરાવનાર અને કરનાર બંનેનું ધાર્મિક મહત્વ અલૌકિક વાણીથી સર્વે ભક્તોને પ્રભાવિત કરી ધન્ય બનાવેલ.

(મનજીભાઈ લાલજીભાઈ પટેલ)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

અમેરિકાના આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૬, જુલાઈના શનિવારના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. આ શુભ પ્રસંગે આપણું મદિર, ઠાકોરજીનું સિંહાસન અને મુખ્ય પ્રવેશદ્વારને ભવ્ય રીતે શણગારમાં આવેલ. સુંદર રોશનીથી મંદિર દેદિપ્યમાન શોભતું હતું. સુંદર પાટ પર પ.પૂ. લાલજી મહારાજશ્રીની તસવીર દર્શનાર્થે મૂકવામાં

આવી હતી. જે રંગ બે રંગી ફુલોથી શણગારવામાં આવી હતી. સૌ પ્રથમ સભા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનના પ્રારંભથી થઈ હતી. ત્યારબાદ યુવક મંડળ અને વડીલ હરિભક્તોએ નંદ સંતો રચિત કીર્તનો ગાયા હતા.

ત્યાર પછી મહંત સ્વામીએ કથાની શરૂઆતમાં સૌને આપણા ઉત્સવ પ્રસંગમાં ખાસ હાજર રહેવા અને તેમાં સહભાગી થવા સૂચન કર્યું હતું. આજે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાગટ્ય મહોત્સવ છે. ધર્મકુળમાં ભગવાન વસ્યા છે. તો ધર્મકુળની સેવા અવશ્ય કરવી. આપણા લાલજી મહારાજશ્રી હજુ તો ઘણા નાના છે. છતાં દેશ-વિદેશમાં ભાવિ પેઢીના આત્મકલ્યાણ અને શ્રેય માટે વિચરણ કરે છે. ગત વર્ષે કાંકરોલી (રાજસ્થાન) મંદિરમાં દર્શનાર્થે પધાર્યા ત્યારે શ્રીનાથજી ભગવાનના હસ્તમાં રહેલું ફુલ માગ્યું પણ પુષ્ટિમાર્ગની મર્યાદા અને સિદ્ધાંત મુજબ ફુલ કે માળા ન આપી શકાય. પણ પૂ. લાલજી મહારાજશ્રી નો આગ્રહ ચાલુ હતો. અને ત્યારે એકાએક ભગવાનના હસ્ત કમળમાંથી ફુલ નીચે પડી ગયું અને લાલજી મહારાજે ફરીથી ફુલ આપવા કહ્યું છતાં પૂજારી ન આપી શક્યા. ત્યાં એકાએક ભગવાનના કંઠમાંથી ફૂલનો હાર પડી ગયો. ત્યાં ઉપસ્થિત હજારો ભક્તજનોએ અને પૂજારીએ આ દ્રશ્ય જોયું અને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. પૂજારીને ત્યારે થયું આમાં મારું ચાલે તેમ નથી. આ ભગવાનના પુત્ર છે. માટે સામે ચાલીને પૂજારીએ પૂ. લાલજી મહારાજશ્રીને ફુલ અને હાર આપીને આશીર્વાદ મેળવ્યા.

સાવ નાના બાળક હતા ત્યારથી કીર્તન ગાવા સભામાં આશીર્વાદ પ્રવચન કરવું તે તો તેમના માટે સહજ છે. રૂામ મહંત સ્વામીએ ધર્મકુળ મહિમા - માહાત્મયની સુંદર વાત કરીને આરતી ઉતારીને સૌએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રતિમાના દર્શનનો અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું. આ પ્રસંગના યજમાન પરિવારોને સ્વામીએ પ્રસાદ અને ભેટ અર્પણ કરી. સૌ હરિભક્તો પ્રસાદ લઈ શયનના દર્શન કરી વિદાય થયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

વોશિંગ્ટન ડી.સી.માં (I.S.S.O. ચેપ્ટર) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા

૨૪ ઓગસ્ટ રવિવારે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે સાંજે ૪ થી ૮ સર્વના પાર્ક કોમ્યુનિટી સેન્ટરના હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં વચનામૃત (૨૭૩) વાચન ધૂન-ભજન કીર્તન સમૂહમાં થયા હતા. ત્યારબાદ પોણો કલાક બોસ્ટન આપણા મંદિરથી સિધ્ધેશ્વર સ્વામીની (માઈક-સેલ ફોન દ્વારા) કથા સંભળાવવામાં આવી. ત્યારબાદ સૌને આપણા I.S.S.O. ના સમાચાર સંભળાવ્યા હતા.

૧ સપ્ટેમ્બરને સોમવારના શ્રી શિવ વિષ્ણુ ટેમ્પલના હોલમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં સાંજના ૪ થી ૮ શહેર સત્સંગ સભા યોજવામાં આવી હતી. આપણા ચેરીહિલ મંદિરથી સાંજે ૫-૨૦ કલાકે સંત પાર્ષદ મંડળ અને હરિભક્તોના વિશાળ કાફલા સાથે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ઉપસ્થિત હજારો હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ઉમળકા ભર્યું સ્વાગત સામૈયુ કર્યું હતું. અત્રે ઠાકોરજીની આરતી ઉતારીને સૌને દર્શન આશીર્વાદનો લાભ આપી 'ન્યુ બર્ગ ટાઉનમાં એક હરિભક્તની મોટેલ ઉપર રાત્રે ૮ થી ૯ દરમ્યાન સત્સંગ સભા રાખવામાં આવી હતી ત્યાં પધાર્યા. સભામાં શા. સ્વામી નિર્ગુણદાસજી તથા શા. માધવ સ્વામીએ ભગવાન અને ધર્મકુળ મહિમા વિષે સુંદર પ્રવચન કર્યું હતું. બાદમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા સત્સંગની વૃધ્ધિ માટે સૌને પ્રોત્સાહિત કર્યા હતા. ભાવિ પેઢીના સુખ માટે ભજન ભક્તિ વધુ કરવા અનુરોધ કર્યો હતો. બાદમાં ઠાકોરજીની થાળ-આરતી કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ અને હરિભક્તો સાથે બીજા પ્રેમી હરિભક્તની મોટેલ પર થાળ ગ્રહણ કરવા પધાર્યા હતા. બીજા દિવસે ૯ થી ૧ સુધી ૬ હરિભક્તોને ઘેર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધરામણી કરી. સાંજે ૪-૦૦ વાગે શ્રી શિવ વિષ્ણુ ટેમ્પલમાં સત્સંગ સભા થઈ. જેમાં શા. સ્વા. નિર્ગુણદાસજી, શા. માધવ સ્વામી અને શા. વ્રજવલ્લભદાસે ભાવવાહી વાણીમાં કથાનું રસ પાન કરાવ્યું. સૌ હરિભક્તો જેમની ચાતક પક્ષીની જેમ રાહ જોતા હતા તેવા આપણા પ.પૂ. મહારાજશ્રી સભામાં પધારતા જ હરિભક્તો આનંદ વિભોર બની ગયા. શ્રી નરનારાયણદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાન અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના જયનાદના મંગલઘોષ સાથે હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સાથે પધારેલા સંત-પાર્ષદ મંડળનું ફુલહારથી સ્વાગત કર્યું. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા સત્સંગ સભામાં નિયમિત આવવા અનુરોધ કર્યો હતો. રાગ, દ્વેષ અને ઈર્ષા રહિત સાચો સત્સંગ કરી ને જીવનનું શ્રેય સાધી લેવા આજ્ઞા કરી હતી. સાંજે ૭-૦૦ વાગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં સૌ હરિભક્તોએ શિસ્તબધ્ધ રીતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કર્યા હતા. છેલ્લે ઠાકોરજીની થાળ-આરતી કરી સૌએ પ્રસાદ લીધો હતો. વર્જીનીયા સ્ટેટ અને મેરીલેન્ડમાં ક્રમશઃ મહિનામાં બે વાર સભા કરવામાં આવે છે. જેમાં ઘણા નવા મુમુક્ષુઓ જોડાય છે. અત્રેની સત્સંગ પ્રવૃતિમાં સૌ હરિભક્તો ખૂબજ રસ લે છે તેમજ નવા મુમુક્ષુઓ પણ ઘણા થયા છે. તે જાણી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ

પ્રસન્ન થયા હતા. અને જ્યારે જ્યારે ઈસ્ટકોસ્ટ તરફ અમેરિકા પધારશે ત્યારે વોશિંગ્ટન ડી.સી. જરૂર પધારશે તેમ જણાવીને સૌ ભક્તો ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવી અત્રેથી વિદાય થયા હતા. અહીં ધર્મકુળની અતિ કૃપા છે. જેથી સત્સંગ સદાય વધતો જાય છે.

(કનુભાઈ પટેલ)

સ્ટ્રેધામ (U.K., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૩ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી આપણા સ્ટ્રેધામશ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીના ૧૩ માં પાટોત્સવ પ્રસંગે સ.ગુ. વાસુદેવાનંદ વર્ણીકૃત ભક્તિ શાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ તા. ૨૫-૮-૦૮ થી ૩૧-૮-૦૮ પર્યન્ત શા.સ્વા. ઘનશ્યામદાસજી ગુરુ શા. કેશવચરણદાસજીના વક્તાપદે થઈ. આ પ્રસંગે પોથીયાત્રા ધામધૂમથી નીકળી હતી. હરિભક્તોને સર્વોપરિ ઈષ્ટદેવ અને ધર્મકુળનો મહિમા શાસ્ત્ર દ્વારા માહાત્મ્ય સહિત જાણવા મળ્યો. કથાના અંતે શા. સ્વામી કેશવચરણદાસે સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળ માહાત્મ્ય વિશે સુંદર પ્રવચન કર્યું હતું. ગેટવીક તથા લેસ્ટર મંદિરથી સંતો પધાર્યા હતા. શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત અભિષેક વેદ વિધિસર થયો હતો. જેના દર્શન કરવા હરિભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સૌને મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પલાણાના અ.નિ.પ.ભ. પુરૂષોત્તમભાઈ નાથાભાઈ પટેલ પરિવારે કથાના યજમાન બની દેવ દુર્લભ લાભ લીધો. તા. ૩૧-૮-૦૮ રવિવારના બપોરે ૧૨-૦૦ કલાકે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. મહાપ્રસાદમાં પણ યજમાન બની હરિભક્તોએ લાભ લીધો હતો.

તા. ૨૪-૮-૦૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના રાત્રે ધૂન-કીર્તન-કથાવાર્તા કરીને રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. ત્યારબાદ હરિભક્તોએ રાસ-ઉત્સવ કરીને સૌને રાજી કર્યા હતા.

(જયેશભાઈ વાઘેલા)

ક્રોલી ગેટવીક (I.S.S.O., U.K.)
શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા ક્રોલી ગેટવીક શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃતિ અવિરત ચાલે છે. મંદિરમાં બીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ તા. ૩૧-૮-૦૮ થી તા. ૭-૯-૦૮ દરમ્યાન શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ. જેના યજમાન અ.નિ.પ.ભ. બાબુભાઈ પાનાચંદભાઈ લીંબાચીયા, અ.નિ. જ્યોતિબેન બાબુભાઈ લીંબાચીયા તથા શ્રી પુંજીરામભાઈ બાબુભાઈ લીંબાચીયાના સ્મરણાર્થે તેમના પરિવારના શ્રી જીતુભાઈ બાબુભાઈ તથા શ્રી નિલેશભાઈ બાબુભાઈ તથા ગં.સ્વ. શોભનાબેન, ભગવતીબેન તથા શકુંતલાબેન આદિ પરિવારે લાભ લીધો.

અન્નકૂટના યજમાન શ્રી વિજયભાઈ જગદીશભાઈ, (કાર્ડિફ) અભિષેકના યજમાન શ્રી જીતુભાઈ શનાભાઈ આદિ અને શ્રી ગણપતિજીના અને મહાપૂજામાં પણ ઘણા હરિભક્તોએ યજમાન બની મહા લાભ લીધો. સંતોએ ઠાકોરજીના પાટોત્સવ અને અન્નકૂટની આરતી ઉતારીને સૌને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. સભામાં પ્રસાદીની કંઠીનો ચડાવો, ઠાકોરજીના પીતાંબરનો ચડાવો થયો. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આશીર્વાદ પત્ર વંચાવવામાં આવ્યો હતો. સૌ હરિભક્તોએ દેવદુર્લભ લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(જીતુભાઈ શનાભાઈ પટેલ)

બ્રાઈટન શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O., U.K.)

આપણા બ્રાઈટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૯ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૦-૯-૦૮ થી તા. ૧૪-૯-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચમસ્કંધ પંચાહ્ન પારાયણ શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન પ.ભ. હિરજીભાઈ માવજીભાઈ ભુડીયા (ફોટડી કચ્છવાળા) રહ્યા હતા.

તા. ૧૪-૯-૦૮ના રોજ ઠાકોરજીનો પાટોત્સવ-અભિષેક અને અન્નકૂટ આરતી ધામધૂમથી સંપન્ન થયા હતા. અન્નકૂટ વગેરેની સેવા જયકૃષ્ણ સ્વામી અને પૂજારી શામજી ભગત કરી હતી. શ્રી પ્રકાશભાઈ વિરજીભાઈ, દર્શન દેસાઈ (બ્રાઈટન) શ્રી જીતુભાઈ શામજી વેકરીયા (લંડન) તથા શ્રી હરિશ નારણભાઈ રાધવાણી મહાપ્રસાદના યજમાન રહ્યા હતા. ઠાકોરજીના અન્નકૂટની સેવા બહેનોએ શ્રદ્ધા ભક્તિપૂર્વક કરી હતી. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આશીર્વાદ પત્ર વંચાવવામાં આવ્યો હતો. જે સાંભળીને હરિભક્તો ખૂબજ લાગણી સભર બન્યા હતા. આ પ્રસંગે લંડન, ક્રોલી અને સ્ટ્રેધામથી ઘણા હરિભક્તો દર્શનાર્થ પધાર્યા હતા. *(પ્રકાશભાઈ મુળજીભાઈ વરસાણી)*

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ત્રીજો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ન્યુજર્સી ખાતે ૩૦ ઓગસ્ટ શનિવારના ત્રીજો પાટોત્સવ ધર્મકુળ પરિવારની આજ્ઞા-આશીર્વાદથી ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત કથા સાંજે

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

અમેરિકાના આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૬, જુલાઈના શનિવારના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. આ શુભ પ્રસંગે આપણું મદિર, ઠાકોરજીનું સિંહાસન અને મુખ્ય પ્રવેશદ્વારને ભવ્ય રીતે શણગારમાં આવેલ. સુંદર રોશનીથી મંદિર દેદિપ્યમાન શોભતું હતું. સુંદર પાટ પર પ.પૂ. લાલજી મહારાજશ્રીની તસવીર દર્શનાર્થે મૂકવામાં આવી હતી. જે રંગ બે રંગી ફુલોથી શણગારવામાં આવી હતી. સૌ પ્રથમ સભા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનના પ્રારંભથી થઈ હતી. ત્યારબાદ યુવક મંડળ અને વડીલ હરિભક્તોએ નંદ સંતો રચિત કીર્તનો ગાયા હતા.

ત્યાર પછી મહંત સ્વામીએ કથાની શરૂઆતમાં સૌને આપણા ઉત્સવ પ્રસંગમાં ખાસ હાજર રહેવા અને તેમાં સહભાગી થવા સૂચન કર્યું હતું. આજે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાગટ્ય મહોત્સવ છે. ધર્મકુળમાં ભગવાન વસ્યા છે. તો ધર્મકુળની સેવા અવશ્ય કરવી. આપણા લાલજી મહારાજશ્રી હજુ તો ઘણા નાના છે. છતાં દેશ-વિદેશમાં ભાવિ પેઢીના આત્મકલ્યાણ અને શ્રેય માટે વિચરણ કરે છે. ગત વર્ષે કાંકરોલી (રાજસ્થાન) મંદિરમાં દર્શનાર્થે પધાર્યા ત્યારે શ્રીનાથજી ભગવાનના હસ્તમાં રહેલું ફુલ માગ્યું પણ પુષ્ટિમાર્ગની મર્યાદા અને સિદ્ધાંત મુજબ ફુલ કે માળા ન આપી શકાય. પણ પૂ. લાલજી મહારાજશ્રી નો આગ્રહ ચાલુ હતો. અને ત્યારે એકાએક ભગવાનના હસ્ત કમળમાંથી ફુલ નીચે પડી ગયું અને લાલજી મહારાજે ફરીથી ફુલ આપવા કહ્યું છતાં પૂજારી ન આપી શક્યા. ત્યાં એકાએક ભગવાનના કંઠમાંથી ફૂલનો હાર પડી ગયો. ત્યાં ઉપસ્થિત હજારો ભક્તજનોએ અને પૂજારીએ આ દ્રશ્ય જોયું અને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. પૂજારીને ત્યારે થયું આમાં મારું ચાલે તેમ નથી. આ ભગવાનના પુત્ર છે. માટે સામે ચાલીને પૂજારીએ પૂ. લાલજી મહારાજશ્રીને ફુલ અને હાર આપીને આશીર્વાદ મેળવ્યા.

સાવ નાના બાળક હતા ત્યારથી કીર્તન ગાવા સભામાં આશીર્વાદ પ્રવચન કરવું તે તો તેમના માટે સહજ છે. રૂમ મહંત સ્વામીએ ધર્મકુળ મહિમા - માહાત્મયની સુંદર વાત કરીને આરતી ઉતારીને સૌએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રતિમાના દર્શનનો અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું. આ પ્રસંગના યજમાન પરિવારોને સ્વામીએ પ્રસાદ અને ભેટ અર્પણ કરી. સૌ હરિભક્તો પ્રસાદ લઈ શયનના દર્શન કરી વિદાય થયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

વોશિંગ્ટન ડી.સી.માં (I.S.S.O. ચેપ્ટર) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા

૨૪ ઓગસ્ટ રવિવારે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે સાંજે ૪ થી ૮ સર્વના પાર્ક કોમ્યુનિટી સેન્ટરના હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં વચનામૃત (૨૭૩) વાચન ધૂન-ભજન કીર્તન સમૂહમાં થયા હતા. ત્યારબાદ પોણો કલાક બોસ્ટન આપણા મંદિરથી સિધ્ધેશ્વર સ્વામીની (માઈક-સેલ ફોન દ્વારા) કથા સંભળાવવામાં આવી. ત્યારબાદ સૌને આપણા I.S.S.O. ના સમાચાર સંભળાવ્યા હતા.

૧ સપ્ટેમ્બરને સોમવારના શ્રી શિવ વિષ્ણુ ટેમ્પલના હોલમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં સાંજના ૪ થી ૮ શહેર સત્સંગ સભા યોજવામાં આવી હતી. આપણા ચેરીહિલ મંદિરથી સાંજે ૫-૨૦ કલાકે સંત પાર્ષદ મંડળ અને હરિભક્તોના વિશાળ કાફલા સાથે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ઉપસ્થિત હજારો હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ઉમળકા ભર્યું સ્વાગત સામૈયુ કર્યું હતું. અત્રે ઠાકોરજીની આરતી ઉતારીને સૌને દર્શન આશીર્વાદનો લાભ આપી 'ન્યુ બર્ગ ટાઉનમાં એક હરિભક્તની મોટેલ ઉપર રાત્રે ૮ થી ૯ દરમ્યાન સત્સંગ સભા રાખવામાં આવી હતી ત્યાં પધાર્યા. સભામાં શા. સ્વામી નિર્ગુણદાસજી તથા શા. માધવ સ્વામીએ ભગવાન અને ધર્મકુળ મહિમા વિષે સુંદર પ્રવચન કર્યું હતું. બાદમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા સત્સંગની વૃધ્ધિ માટે સૌને પ્રોત્સાહિત કર્યા હતા. ભાવિ પેઢીના સુખ માટે ભજન ભક્તિ વધુ કરવા અનુરોધ કર્યો હતો. બાદમાં ઠાકોરજીની થાળ-આરતી કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ અને હરિભક્તો સાથે બીજા પ્રેમી હરિભક્તની મોટેલ પર થાળ ગ્રહણ કરવા પધાર્યા હતા. બીજા દિવસે ૯ થી ૧ સુધી ૬ હરિભક્તોને ઘેર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધરામણી કરી. સાંજે ૪-૦૦ વાગે શ્રી શિવ વિષ્ણુ ટેમ્પલમાં સત્સંગ સભા થઈ. જેમાં શા. સ્વા. નિર્ગુણદાસજી, શા. માધવ સ્વામી અને શા. વ્રજવલ્લભદાસે ભાવવાહી વાણીમાં કથાનું રસ પાન કરાવ્યું. સૌ હરિભક્તો જેમની ચાતક પક્ષીની જેમ રાહ જોતા હતા તેવા આપણા પ.પૂ. મહારાજશ્રી સભામાં પધારતા જ હરિભક્તો આનંદ વિભોર બની ગયા. શ્રી નરનારાયણદેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાન અને પ.પૂ. આચાર્ય

સિધ્ધપુર નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કારતક સુદ-૧૪ બુધવારને તા. ૧૨-૧૧-૦૮ના રોજ આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રતિષ્ઠા કરેલ એવા શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાશે.

(મહંત સ્વામી પ્રેમસ્વરૂપદાસજી)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૨૫૧-૦૦ શ્રી વિજયાબેન જયંતીલાલ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૦-૦૦ શ્રી દિપક નગીનભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	કુંડાલવાળા
૧૦૦-૦૦ શ્રી શૈલેષભાઈ તથા શ્રી બિપીનભાઈ સત્સંગ સભા નિમિત્તે	ઉવારસદ
૧૦૧-૦૦ શ્રી ભૂપેન્દ્ર જયંતીલાલ પટેલ નવી રીક્ષા લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી દેવાઆનંદ હસમુખભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ન્યુજર્સી
૧૫૧-૦૦ શ્રી ભાવનાબેન હસમુખભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ન્યુજર્સી,
૧૦૦-૦૦ શ્રી મીતાબેન રમેશચંદ્ર પટેલ છપૈયાધામયાત્રા નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી સ્મિતા નરેન્દ્રભાઈ ભગવાનદાસ પટેલ ધો-૧૨માં સારા ટકા આવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અમૃતભાઈ મણીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ચાંદખેડા
૧૦૧-૦૦ અ.નિ. પ્રભુદાસ ચર્તુભુજ રવાણીના સ્મરણાર્થે	અમેરિકા
૧૦૧-૦૦ શ્રી અરવિંદભાઈ ગોસલીયા શ્રીજી પ્રસન્નાર્થે	અમેરિકા
૧૧૦-૦૦ શ્રી મનસુખભાઈ ઉકાભાઈ પટેલ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	રતનપર
૧૦૧-૦૦ શ્રી હર્ષાબેન જગદીશચંદ્ર સોની જન્મદિન નિમિત્તે	સુરત
૧૦૦-૦૦ શ્રી દિનેશ કેશવભાઈ પટેલ દુકાન લીધી તે નિમિત્તે	પૂના
૧૦૧-૦૦ શ્રી આસિતકુમાર રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે	રનેલા
૧૦૧-૦૦ શ્રી આનંદબા ઘનશ્યામસિંહ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૧૦૦-૦૦ શ્રી ધવલ અશોકભાઈ પટેલ ડીગ્રી કોશમાં પાસ થયા તે નિમિત્તે	નવાગામ
૨૦૨-૦૦ શ્રી કૃષ્ણપાલ નરેન્દ્રસિંહ દરબાર એડમીશન અને જન્મદિન નિમિત્તે	જેતલપુર
૫૦૦-૦૦ શ્રી મનસુખભાઈ મોહનભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મીનાબેન મહેન્દ્રભાઈ કાનાણી ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	અમદાવાદ
૨૦૦-૦૦ શ્રી કેતનકુમાર શુકલ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦ શ્રી બીપીબેન કૃષ્ણકાંત શુકલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અનીલભાઈ અમથાલાલ મહેતા ચિ. પૌત્રી દિયાના જન્મદિન નિમિત્તે	સેટેલાઈટ
૧૦૦-૦૦ શ્રી પુષ્પાબેન પોપટસિંહ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી દયાળજીભાઈ ખોડીદાસ ચોટલીયા ચિ. રંજન ધો.-૧૦માં ૭૨% એ પાસ થવા નિમિત્તે	ધૂળકોટ
૧૦૧-૦૦ શ્રી લાભુભાઈ એન. ખેર નર્મદામાં ઓફિસર સુપ્રિ.ના ગ્રેડ અને ચિ. નેહલને ધો.-૧૦માં ૮૮% નિમિત્તે	સુ.નગર
૧૫૧-૦૦ શ્રી ભાનુબેન નાગજીભાઈ વોરા કમરનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	મણેગઢ
૧૦૦-૦૦ શ્રી શંકરભાઈ કાળીદાસ પટેલ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી નિરંજનભાઈ શંકરભાઈ પટેલ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી જયેશભાઈ શંકરભાઈ પટેલ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	કોઠંબા
૧૫૧-૦૦ શ્રી રમણલાલ હરગોવનદાસ ભાવસાર નવી મારુતિ ગાડી લાવ્યા તે નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦ શ્રી ડાહ્યાભાઈ ધનાભાઈ પટેલ નવી જીપ લાવ્યા તે નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦ શ્રી યાત્રી હર્ષદભાઈ મોદી જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ અ.નિ. હેમરાજભાઈ પ્રેમજીભાઈ મારવીના સ્મરણાર્થે	અમદાવાદ (જીરાગઢવાળા)
૧૦૧-૦૦ શ્રી પરેશભાઈ કરશનદાસ પંચાલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ (જીરાગઢવાળા)

૨૫૧-૦૦ શ્રી પંકિલ પંકજભાઈ ઠક્કર શ્રી નરનારાયણદેવની કૃપાથી સારી જોબ મળી તે નિમિત્તે	બોપલ (પ્રેસવાળા)
૧૫૧-૦૦ શ્રી મણીબેન નારણભાઈ પટેલ નવી દુકાન લીધી તે નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦ શ્રી કેવિન અરવિંદભાઈ ગાંગાણી જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વિશાલભાઈ નનુભાઈ પોંકીયા ઈ.સી. ડીગ્રીમાં પાસ થયા તે નિમિત્તે	બાપુનગર
૧૫૦-૦૦ શ્રી ચંદુભાઈ મંગળદાસ પટેલ અમદાવાદમાં મકાન લીધું તે નિમિત્તે	નવાગામ
૧૦૧-૦૦ શ્રી જસવંતલાલ કાંતિલાલ મોદી નવા બંગલામાં રહેવા ગયા તે નિમિત્તે	થલતેજ
૧૦૦-૦૦ શ્રી મહેશભાઈ શાંતિભાઈ પટેલ એકટીવા લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦ શ્રી સંદિપ મહેશભાઈ પટેલ કેલિફોર્નિયામાં ફાર્મ.ડી.માં એડમીશન નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી જલઝીલણી ઉત્સવ પ્રસંગે	સેટેલાઈટ
૧૦૧-૦૦ શ્રી ગૌરાંગભાઈ અર્જુનભાઈ ટાંક લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	મહેસાણા
૧૦૧-૦૦ શ્રી ભાવિષા ગૌરાંગભાઈ ટાંક લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	મહેસાણા
૧૦૦-૦૦ શ્રી મણીભાઈ માધાભાઈ પટેલ પુત્રીને ત્યાં ભાણના જન્મપ્રસંગે	સાચોદર
૧૧૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ માવજીભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી દિલીપભાઈ મગનભાઈ પટેલ ચિ. કિંજલની સગાઈ નિમિત્તે	ઈશનપુર
૧૦૧-૦૦ શ્રી હંસાબેન શાંતિલાલ અમરશી ચિ. વિવેકની સગાઈ નિમિત્તે	ઓલપાડ
૧૦૧-૦૦ શ્રી રમેશભાઈ મોહનભાઈ ચોટલીયા ફર્સ્ટમાં પાસ થયા તે નિમિત્તે	નવસારી
૧૦૧-૦૦ ડો. પ્રણવ નટવરલાલ પટેલ ફિજીયોથેરાપીની ડીગ્રી પૂર્ણ થઈ તે નિમિત્તે	વિહારવાળા
૧૦૧-૦૦ અ.નિ. રાકેશભાઈ પ્રહલાદભાઈ પ્રથમમાસિક પુણ્ય તિથિ નિમિત્તે	લાંઘણજ
૧૦૧-૦૦ શ્રી મોહનભાઈ મુળજીભાઈ રાઠોડ ચિ. રાકેશના જન્મદિન નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી રસિકભાઈ એમ. ટાંક પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને પોષાક અર્પણ કરવાનો લ્હાવો મળ્યો તે નિમિત્તે	અંધેરી
૧૦૧-૦૦ શ્રી યોગેશભાઈ પ્રહલાદભાઈ પટેલ તીર્થના જન્મદિન નિમિત્તે	વડુ
૧૦૦-૦૦ શ્રી પથાભાઈ મનુભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦ શ્રી રસિકભાઈ રતીભાઈ થોરીયા મોતીયો તથા ઝામરનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રવિણભાઈ રણછોડભાઈ પટેલ ચિ. પૌત્ર વંદનના જન્મદિન નિમિત્તે	વક્તાપુર
૧૦૧-૦૦ શ્રી કમલેશકુમાર રમણલાલ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	કડી
૨૦૧-૦૦ શ્રી કનુભાઈ જોઈતાભાઈ ચૌધરી જન્મદિન નિમિત્તે	બદપુરા
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ નાગરદાસ પટેલ એસ.ટી.માંથી નિવૃત થયા તે નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦ શ્રી નિમિષ કન્ટ્રકશન કું. પાણીની ટાંકીના નવા કામના મુહૂર્ત પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ક્રિષ્ણાબેન વિકુલભાઈ પટેલ ચિ. સંદિપને નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી હેલી મેહુલભાઈ ભાવસાર જન્મદિન નિમિત્તે	ગાંધીનગર
૧૦૦-૦૦ શ્રી પ્રવિણભાઈ ગોરધનભાઈ ઝવેરી શ્રીજી પ્રસન્નાર્થે	વાંકાનેર
૧૦૧-૦૦ શ્રી ગૌરાંગ બાબુલાલ ભાવસાર ઓસ્ટ્રેલીયામાં ૧ વર્ષ પુરુ થયું તે નિમિત્તે	ગાંધીનગર
૧૫૦-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૦-૦૦ શ્રી રાકેશભાઈ શંભુભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના પી.આર. વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મિતેશકુમાર કનુભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ગીરીશભાઈ ગોવિંદભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	પરઢોલ
૧૧૧-૦૦ શ્રી રતીલાલ શિવલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મહેસાણા
૧૦૦-૦૦ શ્રી અશોકભાઈ અંબાલાલ નાનદાસ પટેલ નવી ગાય લાવ્યા તે નિમિત્તે	વડુ
૧૦૧-૦૦ શ્રી માનસી દુષ્યંતભાઈ ઠક્કર સી.એસ. પરીક્ષામાં પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રમાબેન બાબુભાઈ ટાંક ચાર ધામયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરી તે નિમિત્તે	મીરારોડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કા. શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ-મલાડ
૧૦૧-૦૦ શ્રી વિશાલ સુરેશભાઈ ડીગ્રીમાં એડમીશન નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦ શ્રી બિપીનકુમાર રેવાભાઈ પટેલ ચિ. જયનના જન્મનિમિત્તે	લાલોડા

ગત અંકનો સુધારો

૧૫૧-૦૦ શ્રી દિનેશકુમાર મુળજીભાઈ પટેલને ત્યાં પુત્રના જન્મપ્રસંગે	લાલોડા
૧૫૧-�00 શ્રી મુળજીભાઈ હરિભાઈ પટેલ પુત્રીને ત્યાં ભાણાના જન્મપ્રસંગે	લાલોડા

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

તિથિ	રસોઈ આપનારનું નામ	ગામ
શ્રાવણ સુદ-૨	અ.નિ. સ્વા. નરનારાયણદાસજીના સ્મરણાર્થે (હ. કો.સ્વા. ઘનશ્યામવલ્લભદાસજી)	ગઢપુર
	પ.ભ. કરસનભાઈ જી. કાછડીયા	અમદાવાદ
	પ.ભ. રજનીકાંતભાઈ જાની	
શ્રાવણ સુદ-૫	પ.ભ. નારણભાઈ હરિભાઈ	સાપાવાડા
શ્રાવણ સુદ-૬	અ.નિ.પ.ભ. ખોડાભાઈ ઓતમભાઈ પટેલ	ગામડી
શ્રાવણ સુદ-૯	પ.ભ. બાબુભાઈ અંબારામપટેલ	મોખાસણ
	પ.ભ. જયંતિભાઈ છગનલાલ કોઠારી	મુંબઈ
	પ.ભ. તનુકુમાર કરસનભાઈ પટેલ	બાપુનગર
	પ.ભ. વિજયભાઈ રસીકલાલ ગજ્જર	
શ્રાવણ સુદ-૧૨	પ.ભ. સુરેશભાઈ ગોબરભાઈ પટેલ તથા અ.સૌ. કૈલાસબેન સુરેશભાઈ	બાયડ
	પ.ભ. જયમીનકુમાર જયંતીલાલ પટેલ	
	પ.ભ. રાકેશભાઈ ચંદુલાલ અંબાલાલ પટેલ	મોખાસણ
	પ.ભ. ભુદરભાઈ નરસિંહભાઈ પટેલ	જરવલા
શ્રાવણ સુદ-૧૩	પ.ભ. કમલેશભાઈ મોદી	અમદાવાદ
શ્રાવણ સુદ-૧૪	પ.ભ. જેઠાભાઈ લાલદાસ પટેલ	ડાંગરવા
	પ.ભ. નવિનભાઈ ચોકસી	નાસિક
શ્રાવણ વદ-૧	અ.નિ.પ.ભ. રતિભાઈ જે. ભાવસાર	અમદાવાદ
	પ.ભ. ડૉ. હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ	સાપાવાડા
શ્રાવણ વદ-૨	પ.ભ. સોમાભાઈ કુબેરભાઈ ચૌધરી	આનંદપુરા
	હરિકૃષ્ણ મહિલા મંડળ	
	પ.ભ. ચેતનભાઈ શાંતિલાલ ત્રિવેદી	
શ્રાવણ વદ-૫	પ.ભ. કમલેશભાઈ કાંતિભાઈ પટેલ (હ. ધર્મસ્વરૂપ સ્વામી - નાથદ્વારા)	સલાલ
શ્રાવણ વદ-૮	પ.ભ. કાંતિભાઈ કેશરા ભૂડીયા	(ફોટડી-લંડન)
શ્રાવણ વદ-૯	પ.ભ. અશોકભાઈ પ્રહલાદભાઈ પટેલ	કલ્યાણપુરા
	પ.ભ. કરશનભાઈ જેઠીદાસ પટેલ (હ. હરજીવનભાઈ કરશનદાસ)	
	પ.ભ. નાગરભાઈ ત્રિકમભાઈ પટેલ	
	પ.ભ. હંસાબેન પટેલ (હ. પૂજ્ય મોટા ગાદીવાળાશ્રી)	
	અ.નિ.પ.ભ. મગનલાલ લીલાધર ચોકસી	
	અ.નિ.પ.ભ. ધનલક્ષ્મીબેન અંબાલાલભાઈ પટેલ	કરજીસણવાળા
શ્રાવણ વદ-૧૦	પ.ભ. ચંચળબેન પરસોતમભાઈ પટેલ	રાયણીયા
શ્રાવણ વદ-૧૨	પ.ભ. માધવલાલ મગનદાસ પટેલ	અમદાવાદ
	પ.ભ. બેચરભાઈ ગોકળભાઈ પટેલ (હ. રમેશભાઈ પટેલ)	
શ્રાવણ વદ-૧૪	અ.નિ.પ.ભ. કાંતિભાઈ ધર્માભાઈ પટેલ	ડેમાઈ
શ્રાવણ વદ-૩૦	પ.ભ. જયંતીભાઈ મણીભાઈ પટેલ	પોર
	નરનારાયણ ટ્રેડર્સ (ચૌધરી ડાહ્યાભાઈ	બાલવા
	પ.ભ. શંકરભાઈ ઈશ્વરભાઈ પટેલ (હ. પૂજારી રાજુ સ્વામી)	
	પ.ભ. નટવરલાલ શંકરલાલ પટેલ	અમદાવાદ

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

ચલોડા (ધોળકા દેશ) : ગામના શ્રી નરનારાયણદેવ ગાદીના વફાદાર નિષ્ઠાવાન પ.ભ. જયંતીભાઈ ડાહ્યાભાઈ પટેલ (માસ્તર) તા. ૫-૯-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી ધોળકા દેશના સત્સંગમાં એક સત્સંગીની મોટી ખોટ પડી છે.

રોહીશાળા (મૂળી દેશ) : હાલ મુંબઈ મીરા રોડ પ.ભ. મનહરભાઈ બાબુભાઈ ટાંક તા. ૮-૯-૦૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નવાવાડજ : પ.ભ. ભીખાભાઈ મુળજીભાઈ સોની (ધંધુકાવાળા) તા. ૧૦-૮-૨૦૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાલવા (ઉનાવા) : પ.ભ. અમૃતભાઈ મોતીજી ચૌધરી તા. ૩-૯-૨૦૦૮ને બુધવારને ગણેશ ચતુર્થીના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





1. શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજમાં સમૂહ મહાપૂજા પ્રસંગે કોઠારી રામાનુજ સ્વામી અને શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસ.
2. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી પ્રકાશિત નવા વર્ષના કેલેન્ડર, દફ્તા અને સાહિત્ય

પ્રાપ્તિસ્થાન : સાહિત્ય કેન્દ્ર, કાલુપુર, અમદાવાદ.

Registered under RNI-No-GUJGUJ/2007\20221 “Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP Ahd Valid
up to 31-12-08 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/07-08 valid up to 31/12/2008













શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ, કાલુપુરમાં જલઝીલણી એકાદશીના પરંપરાગત શ્રી ગણપતિજીના વરઘોડા પ્રસંગે શ્રી ગણપતિજીની આરતી ઉતારતા અને ઓચ્છવ મંડળ અને સંત-હરિભક્તો સાથે દર્શન આપતા આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી.

Art (079) 26580916, 9879606686